RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 54* Date: 13.12.2022, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના શપથ

**ટીમ ભૂપેન્દ્રમાં કુલ ૧૬ પ્રધાનો, ૮ કેબિનેટ, ૬ રાજ્યકક્ષા, ૨ને સ્વતંત્ર હવાલો, એક માત્ર મહિલાને સ્થાન,અગાઉના મંત્રીમંડળના ૧૨ મંત્રીઓ કપાયા**



ગાંધીનગર,તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના નેતા ભૂપેન્દ્ર પટેલ આજે સતત બીજી ટર્મ માટે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતાં ગાંધીનગરમાં નવા સચિવાલય પાસેના હેલિપેડ ગ્રાઉન્ડમાં બપોરે ૨ વાગ્યે શપથ ગ્રહણ સમારોહ યોજોયો હતો જેમાં ભૂપેન્દ્ર પટેલને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવ્યા હતાં ભુપેન્દ્ર પટેલ સતત બીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. ત્યારે તેમના શપથ બાદ સભાગૃહ તાળીઓનો ગડગડાટ થયો હતો. તમામ લોકોએ સર્વાનુમતે વધાવ્યા હતા.મુખ્યમંત્રી ઉપરાંત ૮ કેબિનેટ, ૨ રાજ્ય કક્ષા (સ્વતંત્ર) અને ૬ રાજ્યકક્ષાના મંત્રીઓએ શપથ લીધા. ત્યારે કેબિનેટમાં એકમાત્ર રાજકોટ ગ્રામ્ય બેઠકના ભાનુબેન બાબરીયાનો મહિલા મંત્રી તરીકે સમાવેશ કરાયો છે. આમ, આગામી પાંચ વર્ષ માટે ભુપેન્દ્ર પટેલ ગુજરાતના કેપ્ટન અને બાકીના મંત્રીઓ ટીમ બનીને ગુજરાત પર રાજ કરશે. જેમાં કેટલાક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ છે. ભુપેન્દ્ર પટેલની આગેવાનીની સરકારમાં ૮ ચહેરા નવા સામેલા કરવામાં આવ્યા છે. બળવંતસિંહ રાજપૂત, મુળુ બેરા, પરષોત્તમ સોલંકી, બચુ ખાબડ, પ્રફુલ પાનસેરિયા, ભીખુ પરમાર, કુંવરજી હળપતિ, ભાનું બાબરિયા આ આઠ નવા ચહેરાઓ મંત્રીમંડળમાં સામેલ થયા છે. જેમાં એક માત્ર મહિલા ભાનુબેન બાબરિયા કેબિનેટમાં સામેલ થયા છે. તો ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, રાઘવજી પટેલ, જગદીશ પંચાલ, હર્ષ સંઘવી, કુબેર ડીંડોર, કુંવરજી બાવળીયાને રિપીટ કરવામાં આવ્યા છે. જેમાં કેટલાક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ છે. ભુપેન્દ્ર પટેલની આગેવાનીની સરકારમાં ૮ ચહેરા નવા સામેલા કરવામાં આવ્યા છે. બળવંતસિંહ રાજપૂત, મુળુ બેરા, પરષોત્તમ સોલંકી, બચુ ખાબડ, પ્રફુલ પાનસેરિયા, ભીખુ પરમાર, કુંવરજી હળપતિ, ભાનું બાબરિયા આ આઠ નવા ચહેરાઓ મંત્રીમંડળમાં સામેલ થયા છે. જેમાં એક માત્ર મહિલા ભાનુબેન બાબરિયા કેબિનેટમાં સામેલ થયા છે. તો ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, રાઘવજી પટેલ, જગદીશ પંચાલ, હર્ષ સંઘવી, કુબેર ડીંડોર, કુંવરજી બાવળીયાને રિપીટ કરવામાં આવ્યા છે.જયારે ભુપેન્દ્ર પટેલના અગાઉના મંત્રીમંડળના ૧૨ મંત્રીઓ કપાયા છે જયારે ૨ને ટિકિટ અપાઈ ન હતી અને એક હારી ગયા ગયા છે.અગાઉના મંત્રીમંડળમાંથી કપાયેલા ધારાસભ્યોમાં જીતુ વાઘાણી,પૂર્ણેશ મોદી, કિરીટસિંહ રાણા,અર્જુનસિંહ ચૌહાણ,જીતુ ચૌધરી,મનિષા વકીલ,નિમિષા સુથાર,ગજેન્દ્રસિંહ પરમાર,વિનુ મોરડિયા,દેવા માલમ,પ્રદીપસિંહ પરમાર, રાજેન્દ્ર ત્રિવેદી (તેમની પાસેથી મહેસુલ ખાતું અગાઉ પાછું ખેંચી લેવાયું હતું, જે ખાતું હર્ષ સંઘવીને સોંપાયું હતું.),બ્રિજેશ મેરજા (ટિકિટ ન અપાઈ), રાજેન્દ્ર ત્રિવેદી (ટિકિટ ન અપાઈ), કિરીટ વાઘેલા (ચૂંટણીમાં હારી ગયા)સામેલ છે.છેલ્લા ૨૭ વર્ષથી ભાજપની સરકાર છે..જેમાં નરેન્દ્ર મોદીથી માંડી આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણીથી માંડી ભૂપેન્દ્ર પટેલ સુધીના મુખ્યપ્રધાન શપથ લઈ ચૂક્યા છે. નરેન્દ્ર મોદી ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યપ્રધાન પદે રહ્યા. જેમાં તેમણે ૪ વખત શપથ લીધા..૨૨ મે ૨૦૧૪ના રોજ આનંદીબેન પટેલ મુખ્યપ્રધાન બન્યા.. ૭ ઓગસ્ટ ૨૦૧૬નાં રોજ વિજય રૂપાણી મુખ્યપ્રધાન બન્યાં. હવે ભૂપેન્દ્ર પટેલ બીજી વખત મુખ્યપ્રધાન બન્યાં છે. ગાંધીનગરમાં નવા સચિવાલય પાસેના હેલિપેડ ગ્રાઉન્ડમા યોજાયેલી સોગંદવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપરાંત કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવત,છત્તીસગઢના વિપક્ષ નેતા નારાયણ ચંડેલ, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ મરાંડી, આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા, પ્રમોદ બોરો યુપીપીએલ, મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેનસિંહ,ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યા, ત્રિપુરાના ઉપમુખ્યમંત્રી જિસ્નુ દેવ વર્મા,તમિલ મનિલા કોંગ્રેસના પ્રમુખ જી કે વાસન,બિહારના વિપક્ષ નેતાઓ સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહા,ગોવાના મુખ્યમંત્રી ડો. પ્રમોદ સાવંત, ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા, અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ,સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ,રાજ્યસભાના સાંસદ ડો. કે લક્ષ્મણ,ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી રઘુવર દાસ, નાગાલેન્ડના ઉપમુખ્યમંત્રી યાનંથુન્ગો પેટ્ટોન, નાગાલેન્ડના મુખ્યમંત્રી નેઇફિઉ રીઓ એનડીપીપી,મહિલા અને બાળ વિકાસના કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની,કેન્દ્રીય મંત્રી રામદાસ અઠવાલે,સ્ટીલના રાજ્યકક્ષાના મંત્રી ફગ્ગન સિંહ કુલસ્તે,નેશનલ કમિશન ઓફ માઈનોરિટીઝના ચેરપર્સન ડો.ઈકબાલસિંહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર ધામી, ઉત્તરપ્રદેશઁના સીએમ યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે,નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ હતાં.

## લોકસભાની ૨૦૨૪ની ચુંટણીમાં બિહારમાં ભાજપ ૪૦ બેઠકો પર જીત હાંસલ કરશે : શાહનવાજ હુસૈન

ભાગલપુર,તા.૧૨

ભાજપના વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રીય પ્રવકતા તથા પૂર્વ મંત્રી શાહનવાજ હુસૈને જણાવ્યું છે કે ૨૦૨૪ની સંસદીય ચુંટણીમાં બિહારની ૪૦ લોકસભા બેઠકો પર વિજય હાંસલ કરવા માટે ભાજપના વરિષ્ઠ નેતૃત્વ મંથન કરી રહ્યું છે. ત્યારબાદ ૨૦૨૫માં બિહાર વિધાનસભા ચુંટણી ભાજપ પોતાના દમ પર જીતવાની યોજનના પર પણ કામ કરી રહી છે.અહીં પત્રકારો સાથેની વાતચીત કરતા હુસૈને ગુજરાત વિધાનસભામાં ભારે બહુમતિ પ્રાપ્ત કરવા અને બિહારની કુઢની વિધાનસભાની પેટાચુંટણીમાં ભાજપની જીતથી ખુશી વ્યકત કરી હતી.

તેમણે કહ્યું કે બિહારમાં તાજેતરમાં ત્રણ વિધાનસભા બેઠકો પર થયેલી પેટાચુંટણીમાં બે ગોપાલગંજ અને કુઢની પર ભાજપની જીત થઈ છે.ગોપાલગંજમાં રાજદ ઉમેદવાર અને કુઢનીમાં જદયુના ઉમેદવારને ભાજપે પરાજય આપ્યો છે.મોકામા બેઠક તો છોટે સરકારના કારણે રાજદે જીતી છે. એટલે કે બંન્ને પક્ષ મહાગઠબંધનનો હિસ્સો છે.જદયુ જયારે ભાજપના નેતૃત્વવાળા એનડીએથી સંબંધ તોડી નાખ્યો તો સવાલ ઉઠી રહ્યાં હતાં કે હવે ભાજપનું શું થશે પરંતુ બંન્ને પક્ષોને પેટાચુંટણીમાં ભાજપે પરાજય આપ્યો તો તેનો જવાબ તેમણે આપવો જોઈએ ગુજરાતમાં અમારા ૫૬ ઈચના છાતીવાળા નેતાને ગુજરાતની જનતાએ ૧૫૬ બેઠકો આપી.જે લોકો એ કહેતા હતાં કે ગુજરાતની પ્રજાને લલચાવી પટાવી તેમના મત ખરીદી લઈશું તેવા લોકો નિષ્ફળ ગયા છે.

## ભાજપને હરાવવા માટે તમામ વિપક્ષી દળોએ સાથે આવવાની જરૂર છે : નીતીશ કુમાર

પટણા,તા.૧૨

બિહારમાં મુખ્યમંત્રી નીતીશ કુમારે ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન તોડીને મહાગઠબંધનમાં જોડાવા અંગે ખુલીને વાત કરી હતી. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે ભાજપ પર તેમની પાર્ટી જનતા દળ(યુનાઈટેડ)ને નબળું પાડવા અને તોડવાનું ષડયંત્ર રચ્યું હોવાનો આરોપ લગાવ્યો હતો. પટનામાં જેડી(યુ)ના પૂર્ણ સત્રને સંબોધતા નીતીશ કુમારે ખુલાસો કર્યો હતું કે, તેમણે પાર્ટીના નેતાઓ વિજેન્દર યાદવ અને લાલન સિંહના સૂચન પર ભાજપ સાથે સંબંધો તોડવાનો નિર્ણય લીધો હતો. નીતીશ કુમારે જણાવ્યું હતું કે, જ્યારે જદયુ ભાજપ સાથે ગઠબંધનમાં હતું, ત્યારે તેઓએ અમારી જ પાર્ટીને હરાવવાનું કાવતરું ઘડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, નીતીશ કુમારે ઓગસ્ટ ૨૦૨૨ માં એનડીએથી અલગ થઈ ગયા હતા. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે જણાવ્યું હતું કે, ભાજપે અરુણાચલ પ્રદેશમાં અમારા ધારાસભ્યોને તોડી નાખ્યા હતા. શું તેઓ અમારી સાથે ગઠબંધન કરતી વખતે કંઈક વધુ ઘૃણાસ્પદ કામ કરી શક્યા હોત? વિકાસ તેમના ગુણોમાંના એકને પ્રતિબિંબિત કરે છે, જેણે મને સંબંધો તોડવા માટે પ્રેરિત કર્યા હતા. બિહારના મુખ્યમંત્રીએ કુઢની વિધાનસભા બેઠકની તાજેતરની પેટાચૂંટણીનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાં ભાજપે જેડીયુને હરાવ્યા હતા. નીતીશ કુમારે જણાવ્યું હતું કે, તેઓ એક જીતથી ખૂબ જ ખુશ દેખાય છે. તેઓને અગાઉની બે હાર અને અન્ય રાજ્યોમાં થયેલી હાર કેમ યાદ નથી? વિચાર કહેવાતા ત્રીજા મોરચાનો નથી, પણ આ મુખ્ય મોરચો હશે ઉલ્લેખનીય છે કે, આ વર્ષની શરૂઆતમાં ભાજપ બોચાહાન અને મોકામા વિધાનસભા સીટ પર પેટાચૂંટણી હારી ગઈ હતી. નીતિશ કુમારે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી વિશે પણ વાત કરી અને ભારપૂર્વક જણાવ્યું કે, ભાજપને હરાવવા માટે તમામ વિપક્ષી દળોએ સાથે આવવાની જરૂર છે. નીતીશ કુમારે જણાવ્યું હતું કે, ભાજપનો વિરોધ કરી રહેલા તમામ પક્ષોએ સાથે આવવું જોઈએ. જો તેમાંથી મોટા ભાગના હાથ જોડે, તો પણ જંગી બહુમતીની ખાતરી આપવામાં આવશે. વિચાર કહેવાતા ત્રીજા મોરચાનો નથી, પણ આ મુખ્ય મોરચો હશે. ઉલ્લેખનીય છે તાજેતરમાં યોજાયેલી ચૂંટણીઓમાં હિમાચલમાં કોંગ્રેસ, દિલ્હી એમસીડીમાં આમ આદમી પાર્ટી અને ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની જંગી બહુમતીથી વિજય થયો છે.

## લોકસભા ૨૦૨૪ ચુંટણી : પોસ્ટર લગાવીશ નહીં, ચ્હા પિવડાવીશ નહીં,પાંચ લાખ મતથી જીતીશ : નિતિન ગડકરી

### અમે જયારે સત્તામાં હોઈએ છીએ તો વિકાસની રાજનીતિ કરીએ છીએ

નવીદિલ્હી,તા.૧૨

હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની ચુંટણીના પરિણામ આવી ગયા છે જેમાં ગુજરાતમાં ભાજપ રેકોર્ડ જીત હાંસલ કરી સત્તામાં ફરી પાછી ફરી છે ત્યાં હિમાચલ પ્રદેશમાં ભાજપને પરાજયનો સામનો કરવો પડયો છે અને અહીં કોંગ્રેસની સત્તા આવી છે. બંન્ને રાજયોમાં સરકારો રચાઈ ગયા બાદ ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ કહ્યું કે અમે અમે આગામી ચુંટણીમાં ન તો પોસ્ટર લગાવીશું,ન તો ચ્હા પાણીનો ખર્ચ આપીશું આમ છતાં જનતા અમને મત આપશે

એક ખાનગી ટીવીના મંચ પર કેન્દ્રીય મંત્રી ગડકરીએ કહ્યું કે હું પણ રાજનેતા છું લોકસભા ચુંટણી લડુ છું,હાલ ૩.૫ લાખ મતથી આવ્યો છું આગામી વખતે ૫ લાખથી આવીશ.તેમણે કહ્યું કે આ મારો અહંકાર નથી કામના બદલે આમ કહું છે. ભાજપ નેતાએ કહ્યું કે જનતા માલિક છે હું ટ્રસ્ટી છું દેશ માટે કામ થવું જોઈએ હું કોઈ સાધુ સંન્યાસી નથી પહેલા મારૂ ઘર જોવું છે પોતાનો પરિવાર જોવું છે અને ત્યારબાદ સમાજ માટે અને દેશ માટે કામ કરૂ છું

નીતિન ગડકરીએ આગળ કહ્યું કે મેં લોકોને કહી દીધુ છે પોસ્ટર લગાવીશ નહીં બેનર લગાવીશ નહીં ચ્હા પીવડાવીશ નહીં નાસ્તો કરાવીશ નહીં તમારે મત આપવા હોય તો આપો.હું કોઈ વિચનો આપી મત લેવા માંગતો નથી મેં કામ કર્યું છે તેના ઉપર મને મત મળશે. હિન્દુ મુસ્લિમ બધા મત આપશે ભાજપ નેતાએ કહ્યું કે હું હાલમાં મુસલમાનોના એક કાર્યક્રમમાં ગયો હતો ત્યાં મેં કહ્યું કે હું આરએસએસવાળો છું બાદમાં પ્રસ્તાવો કરવાનો નથી તેમણે કહ્યું કે બધા મારી સાથે છે કારણ કે મેં કામમાં કોઈ ભેદભાવ કર્યો નથી

ગુજરાતમાં ભાજપની પ્રચંડ જીતના કારણો બતાવતા નિતિન ગડકરીએ કહ્યું કે અમે જયારે સત્તામાં હોઈએ છીએ તો વિકાસની રાજનીતિ કરીએ છીએ સારા રોડ,પાણી વિજળી,ટ્રાસપોર્ટ કોમ્યુનિકેશન,કૃષિ મેડિકલ આરોગ્ય શિક્ષણ દરેક જગ્યા પર અમે રેકોર્ડ બનાવ્યા છે.ગુજરાતની જનતાને વિકાસ જોવા મળ્યો આ કારણે ગુજરાતની જનતાએ અમને ત્યાં સતત ૨૭ વર્ષથી સત્તામાં લાવી રહી છે આજ કારણ છે કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ગુજરાતની જનતાએ અમને સમર્થન આપ્યું છે. જયારે હિમાચલ પ્રદેશ વિધાનસભા ચુંટણીમાં હાર પર કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે મને લાગે છે કે હિમાચલની હારમાં અમારા અને કોંગ્રેસના મતોનું અંતર ખુબ ઓછું રહ્યું હું એ કહીશ કે નસીબે અમને સાથ આપ્યો નહીં ૧-૨ ટકા વધુ મત મળ્યા હોત તો અમારી સત્તા આવી જાત.

## મહારાષ્ટ્રઃ પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખને મળ્યા જામીન, પણ જેલમાંથી નહીં આવી શકે બહાર

મુંબઈ,તા.૧૨

બોમ્બે હાઈકોર્ટે સોમવારે મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખને ભ્રષ્ટાચારના કેસમાં જામીન આપ્યા છે. સીબીઆઈ આ મામલે તપાસ કરી રહી છે. જો કે, અનિલ દેશમુખ જેલમાંથી બહાર નીકળી શકશે નહીં, કારણ કે સીબીઆઈએ તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવા માટે સમય માંગ્યા પછી બોમ્બે હાઈકોર્ટે આદેશને ૧૦ દિવસ માટે સ્થગિત રાખ્યો છે.

જસ્ટિસ એમએસ કર્ણિકની સિંગલ બેન્ચે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અનિલ દેશમુખની જામીન અરજી સ્વીકારી હતી. હાલમાં તેઓ ન્યાયિક કસ્ટડી હેઠળ મુંબઈની આર્થર રોડ જેલમાં બંધ છે. ૭૪ વર્ષીય અનિલ દેશમુખે ગયા મહિને તેમની જામીન અરજી ફગાવી દીધા બાદ સીબીઆઈની વિશેષ અદાલતે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમણે મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન માંગ્યા હતા.

મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા ગયા વર્ષે નવેમ્બરથી જેલમાં છે. આ વર્ષે એપ્રિલમાં સીબીઆઈ દ્વારા તેમની ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. હાઈકોર્ટે ગયા મહિને તેમને ઈડી કેસમાં જામીન આપ્યા હતા. જો કે, ભ્રષ્ટાચારના કેસમાં દેશમુખની જામીન અરજી સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે એમ કહીને ફગાવી દીધી હતી કે તેમની સામે પ્રથમદર્શી પુરાવા છે.આઈપીએસ અધિકારી પરમબીર સિંહે માર્ચ ૨૦૨૧માં આરોપ લગાવ્યો હતો કે તત્કાલિન ગૃહમંત્રી દેશમુખે પોલીસ અધિકારીઓને મુંબઈમાં રેસ્ટોરાં અને બારમાંથી દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાનો ટાર્ગેટ આપ્યો હતો. એપ્રિલ ૨૦૨૧માં હાઈકોર્ટે સીબીઆઈને દેશમુખ સામે પ્રાથમિક તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સીબીઆઈએ બાદમાં દેશમુખ અને તેના સહયોગીઓ સામે કથિત ભ્રષ્ટાચાર અને સત્તાવાર સત્તાના દુરુપયોગ માટે એફઆઈઆર નોંધી હતી

## આતંકીઓની ધમકીઃ કાશ્મીરમાં જે પણ લોકો જમીન ખરીદશે તેને ઠાર કરીશું

નવીદિલ્હી,તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાં આગામી સમયમાં જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાવા જઈ રહી છે. સુરક્ષા એજન્સીઓ કાશ્મીરમાં શાંતિ અને સુલેહ-શાંતિ સ્થાપિત કરવા અને આતંકવાદીઓ અને બદમાશોનો સામનો કરવા માટે એજન્સીઓ સંપૂર્ણ રીતે તૈયાર છે. વધુમાં વધુ લોકોને કાશ્મીરમાં સ્થાયી થવા માટે પ્રોત્સાહિત કરવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે. આવા સમાચારો વચ્ચે આતંકવાદી સંગઠનો દ્વારા લોકોને ડરાવવા અને ધમકાવવા જેવા વીડિયો પણ જાહેર કરવામાં આવી રહ્યા છે . કાશ્મીર ટાઈગર્સ નામના આતંકી સંગઠનનો લેટેસ્ટ વીડિયો સામે આવ્યો છે .

આતંકવાદી સંગઠન કાશ્મીર ટાઈગર્સે ધમકી આપી છે કે જે લોકોને કાશ્મીરમાં કાશ્મીરી ડોમિસાઈલ મળશે તેઓને મારી નાખવામાં આવશે. વીડિયોમાં એક આતંકી પોતાનું નામ મુફ્તી અલ્તાફ હુસૈન કાસમી જણાવી રહ્યો છે. તે વીડિયોમાં કહી રહ્યો છે કે ભારત કાશ્મીરમાં હિન્દુ લોકોને વસાવવા માંગે છે. વીડિયોમાં તેણે એવા લોકોને મારી નાખવાની ધમકી પણ આપી છે જે કાશ્મીરમાં જમીન ખરીદશે અને કાશ્મીરી લોકોને ધમકી આપી છે કે જો કોઈ કાશ્મીરી બહારના વ્યક્તિને જમીન વેચશે તો તેને પણ મારી નાખવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય તપાસ એજન્સીએ લશ્કર-એ-તૈયબાના ચાર મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓ વિશે માહિતી માંગતું પોસ્ટર જારી કર્યું છે. પુલવામા અને અન્ય શહેરોમાં ૧૦-૧૦ લાખના ઈનામ સાથે ચાર આતંકવાદીઓના પોસ્ટર ચોંટાડવામાં આવ્યા છે. આ તમામ આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં લશ્કરના આગળના આતંકવાદી સંગઠન ટીઆરએફની આતંકવાદી ગતિવિધિઓમાં વોન્ટેડ છે. આતંકવાદ સંબંધિત કેસમાં વોન્ટેડ ચાર લોકો આતંકવાદી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ ચલાવતા બે પાકિસ્તાની નાગરિકો અને બે સ્થાનિક આતંકવાદીઓ છે.

જે બે પાકિસ્તાની આતંકવાદીઓના પોસ્ટર જારી કરવામાં આવ્યા છે તેમની ઓળખ સલીમ રહેમાની ઉર્ફે અબુ સાદ નિવાસી નવાબ શાહ સિંધ પાકિસ્તાન અને સૈફુલ્લાહ સાજીદ જાટ ગામ શાંગમંગા પંજાબ પાકિસ્તાન તરીકે થઈ છે. ઙ્ઘૈંછએ કહ્યું છે કે આ આતંકવાદીઓ વિશે માહિતી આપનાર વ્યક્તિને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. તેમજ બાતમી આપનારની માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. આ માટે એનઆઈએએ એક ટેલિફોન નંબર તેમજ એક વ્હોટ્સએપ નંબર જારી કર્યો છે જેના પર આવી માહિતી શેર કરી શકાય છે.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતના રાજકારણમાં ભવિષ્યમાં પણ 'ત્રિકોણીય જંગ' બની રહેશે !

*ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું વિધાનસભાની ચૂંટણીમાં પ્રદર્શન 'રાજકીય ચમત્કાર' છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીનાં પરિણામમાં ભાજપે રેકૉર્ડ તોડયો છે તો આપ આદમી પાર્ટીએ પાંચ બેઠકો જીતી પોતાનું ખાતું ખોલાવ્યું. ગુજરાતમાં ભાજપ 'બમ્પર બહુમતી' સાથે રાજ્યમાં સત્તા ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. આ સિવાય ગુજરાતમાં પોતાની જાતને 'પરિવર્તનનું ઉદ્દીપક' ગણાવનારી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, ×ગુજરાત એ ભાજપનો ગઢ છે, ભાજપના ગઢમાં આટલો વોટશૅર મેળવવો એ મોટી વાત છે.× વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પાંચ બેઠકો જામજોધપુર, વિસાવદર, ગારિયાધાર, બોટાદ અને ડેડિયાપાડા જીતી છે. ગુજરાતના રાજકારણમાં પોતાનું 'ખાતું ખોલાવાની' સાથે લગભગ ૧૩ ટકા જેટલો વોટશૅર લેવામાં પણ આમ આદમી પાર્ટી સફળ નીવડી હતી.*

*વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં જે પાર્ટી ગુજરાતમાં ક્યાંય પોતાની હાજરી પણ નોંધાવી શકી નહોતી. તે પાંચ વર્ષ બાદ ગુજરાતમાં ભાજપ અને કૉંગ્રેસ જેવા પક્ષો સામે લગભગ ૧૩ ટકા મતો મેળવે તે ખૂબ મોટી વાત છે. ગુજરાતના રાજકારણમાં આમ આદમી પાર્ટીના પ્રદર્શનને માત્ર કૉંગ્રેસ જ નહીં પરંતુ ભાજપ માટે પણ 'માથાનો દુખાવો' બની ગયો છે, સૌરાષ્ટ્રના જિલ્લાઓની બેઠકો પર તેમજ આદિવાસી વિસ્તારોમાં ઘણી બેઠકો પર જ્યાં ગત વખતે કૉંગ્રેસે સારું પ્રદર્શન કર્યું હતું ત્યાં કૉંગ્રેસને હાર તો મળી જ છે પરંતુ ભાજપ માટે પણ કેટલીક બેઠકો પર મુશ્કેલી સર્જાઈ. આ ચૂંટણીનાં પરિણામોથી ભાજપ અને કૉંગ્રેસ બંનેને આમ આદમી પાર્ટીએ પોતાની 'હાજરીની નોંધ લેવા મજબૂર કરી દીધાં છે.*

*કૉંગ્રેસનું મોવડીમંડળ જ્યાં આ ચૂંટણીથી વિમુખ રહ્યું ત્યાં સામેની બાજુએ આમ આદમી પાર્ટીનું મોવડીમંડળ પાછલા અમુક મહિનાથી ગુજરાતમાં જ હતું. અરવિંદ કેજરીવાલ સહિતના ઘણા નેતાઓ દિવસો સુધી ગુજરાતમાં પ્રચારમાં લાગેલા રહ્યા અને તેની અસર પરિણામમાં જોવા મળી. એક સમયે તો એવું લાગવા માંડયું હતું કે જાણે ગુજરાતમાં મુખ્ય વિપક્ષ કૉંગ્રેસ નહીં પણ આપ છે. આમ આદમી પાર્ટીએ સોશિયલ મીડિયાથી માંડીને સડક સુધી ભાજપને પૂરી ટક્કર આપી. ગુજરાતમાં કૉંગ્રેસ અને ભાજપથી નિરાશ લોકોએ આપને મત આપ્યા. આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં પણ ભાજપની જેમ જ નિમ્ન મધ્યમ વર્ગ અને તેની નીચેના તબક્કામાં આવતા લોકોને ટાર્ગેટ કરીને પોતાની યોજનાઓનો પ્રચાર કર્યો હતો. ગુજરાતમાં જે લોકો કૉંગ્રેસના પ્રદર્શનથી નિરાશ હતા અને જેમણે વિચારી જ લીધું હતું કે ભાજપને મત નહીં જ આપે, તેમના પણ મત આમ આદમી પાર્ટીને મળ્યા હોઈ શકે. આમ આદમી પાર્ટીએ જે ગંભીરતા સાથે આ ચૂંટણીમાં ઝંપલાવ્યું તેનાથી અને તેમની યોજનાઓની જાહેરાતોથી આકર્ષાઈને આપની તરફેણમાં મતદાન થયું હોઈ શકે, આ એક સૌથી મોટી વાત છે. આમ આદમી પાર્ટી માટે ગુજરાતમાં ખાતું ખૂલવાની સાથે રાષ્ટ્રીય પાર્ટી તરીકે પોતની જાતને રજૂ કરવાની મહેચ્છા પણ પૂર્ણ થઈ છે. તેથી પણ આ પરિણામ આપ માટે એક મોટી વાત તો છે. આ પરિણામ ગુજરાતના પરિદૃશ્યને બદલનારું છે. આ પરિણામોથી ગુજરાતનું રાજકારણ ભવિષ્યમાં પણ ત્રિકોણીય થઈ ગયું.*

## તસ્લીમા નસરીનનો હિજાબ મામલે કટાક્ષ , હોટ ડ્રેસમાં જોવા મળેલી ફૂટબોલરની પત્ની બાબતે નસરીને કહ્યું- તેનો બુરખો ક્યાં છે ?

નવીદિલ્હી,તા.૧૨

બાંગ્લાદેશની પ્રખ્યાત લેખિકા તસ્લીમા નસરીન કે જેઓ પોતાના મંતવ્યો માટે ઈસ્લામિક કટ્ટરપંથીઓના નિશાના પર છે, તેણે ફરી એકવાર બુરખા અને હિજાબને લઈને ચર્ચા શરૂ કરી છે. બુરખા અને હિજાબનો વિરોધ કરતી તસ્લીમા નસરીને એક ટ્વિટમાં આફ્રિકન ટીમના મોરોક્કન સ્ટાર ખેલાડી અશરફ હકીમી અને તેની પત્ની હીબાની તસવીરો પોસ્ટ કરી, હિજાબ અને બુરખાનું સમર્થન કરતા મુસ્લિમ ધર્મગુરુઓને ટોણો માર્યો. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.બુરખા અને હિજાબનો વિરોધ કરતી નસરીને એક ટ્વિટમાં આફ્રિકન ટીમના મોરોક્કન સ્ટાર ખેલાડી અશરફ હકીમી અને તેની પત્ની હીબાની તસવીરો પોસ્ટ કરી, હિજાબ અને બુરખાનું સમર્થન કરતા મુસ્લિમ ધર્મગુરુઓને ટોણો માર્યો.તસ્લીમ નસરીને આજે ટ્વિટર પર મોરોક્કન સ્ટાર ફૂટબોલર અશરફ હકીમી અને તેની પત્ની હીબા, એક કાર્યક્રમમાં સફેદ પોશાક પહેરેલા ફોટા પોસ્ટ કર્યા અને લખ્યું, "તેઓ બંને મુસ્લિમ છે અને બુરખો કે હિજાબ પહેર્યા નથી."તમને જણાવી દઈએ કે ઈરાનમાં મહસા અમીની નામની ૨૨ વર્ષની મહિલાના મોત બાદ બુરખા અને હિજાબના વિરોધમાં મોટા પાયે વિરોધ થયો હતો. તસ્લીમા નસરીને આ વિરોધ પ્રદર્શનો માટે તેમના હિજાબ સળગાવવા અને વાળ કાપવા બદલ ઈરાની મહિલાઓની પ્રશંસા કરી હતી.

**થયો**

**બરફમાં ભડકો થયો,**
**વઢકણીને લડકો થયો.**
**કાજળઘેરી રાત થઈ,**
**ઘુવડ કહે તડકો થયો.**
**એણે પ્રેમની હત્યા કરી,**
**દિલમાં શું થડકો થયો?**
**આપવડાઈમાં જીત થઈ,**
**કોણ કહે ધબડકો થયો??**
**અણહકનુ ખાવાની નિશાની,**
**કેટલો મોટો ઘચરકો થયો!!**
**પાણી લિજ્જતથી પીવો,**
**સંતોષનો સબડકો થયો??**
**તું મને આલિંગુ ,હું તને ભેટે,**
**કયાં કોઈને ઘસરકો થયો!!**
**ચોરીછૂપીને ચુંબનો કર્યા,**
**સાલ્લો હવે ચસડકો થયો!!**
**બાળક જેવા બનવું નથી,**
**ભરત શું અડકોદડકો થયો??**
**ભરત વૈષ્ણવ**
**૧૨.૧૨.૨૦૨૨.**

# "ગમેતેમ સેટિંગ કરીને નોબેલ અપાવો "-રાજુ રદીની ગુહાર.!!!

" ગિરધરભાઈ, તમારે બહુ મોટી ઓળખાણો છે ને?"આઈન્સ્ટાઈનની જેમ વાળ ઊંચા કરી રાજુ રદીએ મારા ઘરમાં પ્રવેશ કરીને મારો દાણો દાબ્યો . હું સમજી ગયો કે રાજુ રદીના મગજમાં બિરબલની ખીચડી જેવું કશુંક પાકી રહ્યું છે અને પ્રેશર કૂકરની સીટી વાગી રહી છે !!

" હા ઘણા માણસો સાથે ઘણી ઓળખાણ છે. ક્યાંક પચાસ ટકા તો ક્યાંક સો ટકા ઓળખાણ છે!" મેં રાજુને ઓળખાણોનું વિવરણ આપ્યું.

"ગિરધરભાઈ. શું ઓળખાણ પચાસ ટકા હોય ખરી ??હું ખાસ (રાજુ આમ-સામાન્ય પણ કયાં સમજે છે?) સમજ્યો નહીં?" રાજુએ મનની ખાટી મીઠી મૂંઝવણ વ્યક્ત કરી!

" જો, રાજુ, પચાસ ટકા ઓળખાણ એક પક્ષે તો સો ટકા ઉભય પક્ષે હોય છે!! જેમ કે મારી પુતિન સાથેની ઓળખાણ મારા પક્ષે સો ટકા હોય પણ પુતિન મને ન ઓળખતાં હોય તો તે ઓળખાણ પચાસ ટકા કેટેગરીમાં આવે!! એ બધું છોડ પણ તારે શું કામ હતું કે જેમાં મારી ઓળખાણની જરૂર પડી?" મેં પૂછ્યું!!

" ગિરધરભાઈ. તમને ખબર હશે કે જગતમાં મોટામાં મોટો એવોર્ડ નોબેલ એવોર્ડ છે. નોબલ પારિતોષિક એ આલ્ફ્રેડ નોબેલ જેઓ પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી હતા તેમની યાદમાં આપવામાં આવે છે. તે સ્વિડિશ વૈજ્ઞાનિક હતા. તેઓ એક સ્વીડિશ વૈજ્ઞાનિક હતા અને તેમણે જ આ નોબેલ પારિતોષિક આપવાની શરૂઆત કરી હતી. જેના ઉપર આખી દુનિયાની નજર હોય છે. નોબલ પરિતોષિક એ શાંતિ, સાહિત્ય, રસાયણ શાસ્ત્ર, શરીર વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર અને અર્થ શાસ્ત્ર જેવા વિષયો ઉપર કરેલ ઉમદા કાર્ય માટે આપવામાં આવે છે.આલ્ફ્રેડ નોબલે કુલ મળીને ૩૫૫ અલગ અલગ પ્રકારની શોધ કરી હતી અને તેમાં સૌથી મહત્વની શોધ ડાયનામાઈટ ની હતી. આ શોધ પછી આખી દુનિયા આલ્ફ્રેડ નોબેલને ઓળખવા લાગી હતી. તેમણે જે ડાયનામાઈટની શોધ કરી હતી તે ડાયનામાઈટ નો ઉપયોગ એ હથિયાર બનાવવા માટે થવા લાગ્યો હતો. જેને આપણે વિસ્ફોટ્ક તરીકે પણ ઓળખીએ છીએ. ૧૮૮૮ માં આલ્ફ્રેડ નોબલના ભાઈનું અવસાન થયું ત્યારે ત્યાના ફ્રેંચ સમાચારપત્ર 'ઈરોનિયસ' દ્વારા ભૂલથી તેના ભાઈની જગ્યાએ આલ્ફ્રેડ નોબલના મોતના સમાચાર છાપી દીધેલ. 'ઈરોનિયસ' સમાચારપત્રના તંત્રી દ્વારા કોઈપણ જાતની તપાસ કર્યા વગર આ સમાચાર તેમણે છાપી દીધેલ.જયારે બીજે દિવસે આ સમાચાર આલ્ફ્રેડ નોબલે વાંચ્યા ત્યારે તેઓ હસી પડ્યા હતા .પણ બાદમાં નોબેલ સમાચારનું ટાઈટલ "મોતના સોદાગરની આ જગતમાથી વિદાય"વાંચીને અત્યંત વ્યથિત થયેલ અને વિચારવા લાગ્યા કે હું આ જગતમાથી વિદાય લઈશ ત્યારે લોકો મને મોતના સોદાગર તરીકે ઓળખશે. ( અલબત.મોતના સૌદાગરના ઉચ્ચારણથી લોકોની બનતી સરકાર બને તે પહેલાં વિખેરાઈ ગઈ હતી .એ વાત અલગ છે!!)સતાવીસમી નવેમ્બર ૧૮૯૫ માં નએક વસિયત તૈયાર કરાવી પોતાની સંપતિમાથી ૯૪ ટકા સંપતિ એક ટ્રસ્ટ આપવાનું નક્કી કરેલ.જે ટ્રસ્ટ જગતમા જે લોકો સારું સારું કામ કરે છે તેવા લોકોને સન્માનિત કરશે. તેમણે ચિકીત્સા, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, સાહિત્ય અને શાંતિ પાંચ ક્ષેત્રો નક્કી કરેલ. આ પછી બીજા જ વર્ષે ૧૮૯૬ ના વર્ષમાં તેમનું અવસાન થયું હતું. ત્યારબાદ ૧૯૦૧ થી નોબલ પુરસ્કાર આપવાની શરૂઆત થઈ હતી. ૧૯૦૧ બાદ ૬૭ વર્ષ પછી ૧૯૬૮ માં સ્વીડનની સેન્ટ્રલ બેંકના તેની સ્થાપનાના ૩૦૦ વર્ષ પૂરા થતાં હોવાથી તેમણે નોબેલ ફાઉન્ડેશનમાં મોટી રકમ આપી અને તેમણે નોબલ પુરસ્કારમાં છઠ્ઠુ ક્ષેત્ર ઉમેર્યું. જે હતું અર્થશાસ્ત્ર. અર્થશાસ્ત્રમાં નોબલ પારિતોષિક આપવાની શરૂઆત એ વર્ષ ૧૯૬૯ થી કરવામાં આવી. નોબેલની જાહેરાત ઓકટોબરમાં કરવામાં આવે છે અને દર વરસે ૧૦ મી ડિસેમ્બરના રોજ આલ્ફ્રેડ નોબલની પુણ્યતિથિએ નોબેલ એવોર્ડ એનાયત થાય છે!!" રાજુએ એકાએક વિષય બદલ્યો.

" રાજુ નોબેલ સમિતિએ પાંચ પાંચ વાર મહાત્મા ગાંધીના નામની વિચારણા કરી પણ એક વાર મહાત્મા ગાંધીને નોબેલ ન આપ્યો .પણ કેટલાક નસીબદારને બે બે વાર નોબેલ મળેલ છે.મેડમ મેરી કયુરી,લિનસ પોલિંગ,જોન બાર ડીન,ફ્રેડરિક સિંગર,કે બારી શાર્પલેસને બે બે વાર નોબેલ મળેલ છે. અત્યાર સુધીમાં હજારથી વધુ મહાનુભાવોને નોબેલથી અલંકૃત કરવામાં આવેલ છે. જેમાં ૩૫ મહિલાઓનો પણ સમાવેશ થાય છે.ભારત અથવા ભારત સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ હોય તેવા ૧૩ મહાનુભાવને નોબેલ આપવામાં આવેલ છે. નોબેલ એવોર્ડમાં

૯૦ લાખ સ્વિડિશ ક્રોના, (અંદાજિત જીઈ૯૮૬,૦૦૦ ),

નોબૅલ મેડલઅને નોબૅલ ડિપ્લોમા આપવામાં આવે છે." મેં રાજુને પૂરક માહિતી આપી.

" ગિરધરભાઈ આ નોબેલ ફોબેલમાં અનામતના નિયમોનો અમલ થતો હશે ખરો?સ્પર્ધકોની કુલ સંખ્યાના ૩૦ % મહિલા માટે અનામત રાખતા હશે? એસસી અને એસટી માટે કેટલી અનામત રાખતા હશે? ગરીબીરેખા નીચે જીવતા લોકોને નોબેલ આપતા હશે? ઈડબલ્યુએસ કેટેગરીમાં નોબેલ મળતો હશે ને આપણે એમાં એપ્લાય કરીએ!!" રાજુએ અનામત કેટેગરીમાં નોબેલ લેવાની વ્યુહ રચના પ્લાન બી તરીકે વિચારી લીધી!!!

" રાજુ બધે આપણે આપણે ન કર.મારે નોબેલ જોઈતો નથી! નોબેલમા અનામત બનામતના કેવી રીતે હોય!" મેં રાજુને કડકતમ શબ્દોમાં ખખડાવ્યો.

" ગિરધરભાઈ ૯,૮૬,૦૦૦ ડોલરના કેટલા રૂપિયા થાય?" જેમ રાતના સમયે લાઈટ પડે અને ગાયની આંખમાં ચમક દેખાય તેમ રાજુની આંખમાં ચમક દેખાઈ!!"

" રાજુ. ભારતીય ચલણમાં ૮,૦૮,૫૨.૦૦૦ રૂપિયા થાય!!" મેં એક ડોલર ના બ્યાંશી રૂપિયા ગણી નોબેલ ઈનામની રકમ ગણી દીધી.

" ગિરધરભાઈ. હમણા શાર્પલેસ,કેરોલિન બેટોર્જી, મોર્ટન મેલ્ડલને રસાયણશાસ્ત્ર,સ્વાંત પોબોનને મેડીકલ માટે નોબેલ આપવાની જાહેરાત થઈ છે. શાંતિ માટેના નોબેલ માટે બે ભારતીયોની એન્ટ્રી મેકલવામાં આવી છે." રાજુએ કહ્યું.

" રાજુ. આ બધી નોબેલ નવાન્હ પારાયણ કરવાનું કોઈ પ્રયોજન??" મેં નો બકવાસ સીધી વાત કરી.

" ગિરધરભાઈ. તમારે ઊંચી ઓળખાણો છે. તમે લાગતાવળગતાને ઓળખાણનો જેક મારીને મને શાંતિનો નોબેલ મળે એવો ખેલ પાડી દો.મારું સેટિંગ કરાવી દો. હું તમને પણ રાજી કરી દઈશ. ઈનામની રકમના સિતેર ટકા તમારા . વધુ રકમનો લોભ ન કરતા!!" રાજુએ મારા કાનમાં માનો કે ધગધગતું સીસું રેડ્યું. મારા કાનમાં ધાક પડી ગઈ!! આમ, પણ ધણિયાણી ધાક પાડતી હોય છે. એટલે કાયમી ધોરણે સેમી બહેરો છું.હું પેલા શાયરની પંક્તિની જેમ "વો ધર આયે ,વો મુજે દેખતે રહે, મૈં ઈનકો દેખતા રહા "જેવો ઘાટ થઈ ગયો. મને કોઈ ગાંધીનગર રત્ન કે રાજય રત્ન માટે લાયક ગણતા નથી અને મારે રાજુ રદીને માટે નોબેલનું અંડાગંડા કરી સેટિંગ કરી આપવાનું?? લો હોલ કુવ્વત !!" રાજુ તને કંઈ કેટેગરીમાં નોબેલ આપવાનો ?" મેં રાજુને કારણ પૂછ્યું.

" ગિરધરભાઈ, મેં લગ્ન ન કરી( લગ્ન કરવા કેટલા ધખારા , બખાળા કર્યા એનો પણ અલગ ઈતિહાસ છે!!) વિશ્વ શાંતિનું સંરક્ષણ, સંવર્ધન , સંગોપનમાં કેટલું મોટું યોગદાન આપ્યું છે!! મને શાંતિ કેટેગરીનું નોબેલ અપાવો . હુ જીંદગીભર તમારો પડ્યો બોલ ઝીલીશ" રાજુ રદીએ પર્દાફાશ કર્યો.

" જો , રાજુ. પડ્યો બોલ ઝીલવાની ઈચ્છા હોય તો નોબેલના ધખારા કર્યા સિવાય પરણી જા." મેં આમ કહી રાજુને ઘરની બહાર ધકેલી ઘરનો દરવાજો બંધ કર્યો!!!

ભરત વૈષ્ણવ

# મોદીની હત્યા' માટે તૈયાર રહો...કોંગ્રેસ નેતાના વિવાદિત નિવેદનથી રાજકીય ભૂકંપ

### હું ગાંધીને માનનારો માણસ છું, હું આ પ્રકારની વાત કરી શકું નહી. : કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી રાજા પટેરિયા

નવીદિલ્હી,તા.૧૨

કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી રાજા પટેરિયાનું એક અત્યંત વિવાદિત નિવેદન સામે આવ્યું છે. જેમાં તેઓ કથિત રીતે 'પીએમ મોદીની હત્યા' અંગે વાત કરી રહ્યા છે. આ નિવેદનનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. પૂર્વ મંત્રીના આ વિવાદિત નિવેદન બાદ રાજકારણ ગરમાઈ ગયું છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષે કોંગ્રેસ નેતા પર લોકોને ઉક્સાવવાનો આરોપ લગાવતા તપાસની માંગણી કરી છે. આ અંગે ભાજપે ફરિયાદ પણ નોંધાવી છે.

પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માએ પૂર્વ મંત્રી રાજા પટેરિયા પર પ્રહાર કરતા કહ્યું કે રાજા પટેરિયાના પીએમની હત્યા માટે જનતા અને કોંગ્રેસ કાર્યકરોને ઉક્સાવવા અત્યંત ગંભીર અને નિંદનીય છે. શું હાલમાં જ મધ્ય પ્રદેશથી નીકળેલી રાહુલ ગાંધીની 'ભારત તોડો યાત્રા'માં આ



ષડયંત્રની તૈયારી થઈ? તેની તપાસ થવી જોઈએ.

રાજા પટેરિયાનો કથિત રીતે જે વીડિયો સામે આવ્યો છે તેમાં તેઓ પન્નાના પવઈમાં કેટલાક કોંગ્રેસ કાર્યકરોને સંબોધન કરી રહ્યા છે. તેઓ કહેતા નજરે ચડે છે કે દેશનું બંધારણ બચાવવું હોય, આદિવાસીઓને સુરક્ષિત કરવા હોય તો 'મોદીની હત્યા' માટે તૈયાર રહો. તેમણે કહ્યું કે આપણા દેશના રાજકારણમાં હવે સામંજસ્ય અને ભાઈચારાનો સમન્વયનો દૂર દૂર સુધી નાતો રહ્યો નથી. જો કે પછી તેમણે આ હત્યાનો અર્થ ચૂંટણીમાં હરાવવા એમ જણાવ્યું.

ભાજપના નેતા રાજપાલ સિંહ સિસોદિયાએ ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો. જેમાં કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી રાજા પટેરિયા કોંગ્રેસ કાર્યકરોને ભાષણ આપી રહ્યા છે અને પીએમ મોદી વિરુદ્ધ ભડકાવતા નજરે ચડે છે. તેમણે લખ્યું છે કે આ છે અસલ ચહેરો..પૂર્વ મંત્રી અને કોંગ્રેસ નેતા રાજા પટેરિયા મોદીજીની હત્યાનું નિવેદન આપી સમાજને વિભાજિત કરી ભડકાઉ ભાષણ આપી રહ્યા છે. આ ઉપરાંત અન્ય એક ભાજપ નેતા શેહજાદ પુનાવાલાએ પણ ટ્વિટર પર વીડિયો શેર કર્યો.

સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ પોતાની સફાઈમાં રાજા પટેરિયાએ એક વીડિયો પણ શેર કર્યો છે. જેમાં તેમણે જણાવ્યું કે જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તે કાર્ડ વિતરણ દરમિયાનનો છે. આ વીડિયોમાં મારા દ્વારા મોદીની હત્યાની જે વાત છે તે ખોટી રીતે પ્રદર્શિત કરાઈ છે. હું ગાંધીને માનનારો માણસ છું, હું આ પ્રકારની વાત કરી શકું નહી. તેમણે કહ્યું કે મારો અર્થ રાજનીતિક પરિપ્રેક્ષ્યમાં હતો. જ્યાં બંધારણ બચાવવા માટે મોદીને હરાવવા જરૂરી છે. અલ્પસંખ્યકોની, દલિતોની આદિવાસીઓની રક્ષા કરવા માટે અને બેરોજગારી હટાવવા માટે મોદીને હરાવવા જરૂરી છે. મારો આશય મોદીની હત્યાને લઈને બિલકુલ ખોટી રીતે રજૂ કરાયો છે.

## દેશના દરેક ગામમાં આરએસએસની શાખા હોવી જોઈએ



ગોવાહાટી,તા.૧૨

આરએસએસના વડા મોહન ભાગવતે એવી અપીલ પણ કરી છે કે દેશના દરેક નાગરિકે તમામ પ્રકારના મતભેદોને છોડી દઈને રાષ્ટ્રના હિત માટે અને તેના વિકાસ માટે કામ કરવું જોઈએ અને આપણે રાષ્ટ્ર માટે બધું જ કરી છૂટવા તૈયાર રહેવું જોઈએ.આસામમાં સંઘ પરિવારની કાર્યકર્તા શિબિરને સંબોધન કરતી વખતે મોહન ભાગવતે કહ્યું હતું કે હવે એવો સમય આવી ગયો છે કે દેશના દરેક ગામમાં આરએસએસ ની શાખા હોવી જોઈએ અને તેના દરેક સભ્ય એ દેશની પ્રગતિ માટે પ્રયાસ કરતા રહેવું જોઈએ.દરેક ગામમાં શાખા હોવી જોઈએ તેનું કારણ એ છે કે સમગ્ર સમાજે પોતાના માટે કામ કરવાનો અવસર આપ્યો છે અને એટલા માટે સ્વયંસેવકોએ આગળ વધીને સમાજનું નેતૃત્વ કરવું જોઈએ. રાષ્ટ્રનો વિકાસ દરેક નાગરિકતા માટે પ્રાથમિકતા હોવો જોઈએ અને તેના માટે દરેક પ્રકારના મતભેદો બધા જ નાગરિકોએ દૂર કરી દેવા જોઈએ.સંઘના સંસ્થાપક ડોક્ટર હેડગેવારને યાદ કરીને મોહન ભાગવતે કહ્યું હતું કે એમણે ૧૯૨૫ માં માનવ સંસાધન વિકસિત કરવાના હેતુથી આર.એસ.એસ ની સ્થાપના કરી હતી અને એટલા માટે જ આપણા વિચારોમાં મતભેદ હોઈ શકે છે પરંતુ દિમાગમાં મતભેદ હોવા જોઈએ નહીં અને દરેક નાગરિકે આ પ્રકારનું વલણ અપનાવવું જોઈએ.

# ડિમ્પલ યાદવે સંસદ સભ્ય તરીકે શપથ લીધા, સોનિયા ગાંધીના ચરણ સ્પર્શ કર્યા

નવીદિલ્હી,તા.૧૨

મૈનપુરી લોકસભા પેટાચૂંટણી જીત્યા બાદ સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે સંસદ સભ્ય તરીકે શપથ લીધા.ડિમ્પલ પોતાના પતિ અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે દિલ્હીમાં સંસદ ભવન પહોંચ્યા હતા. સાંસદ તરીકે શપથ લીધા બાદ ડિમ્પલે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા.

મૈનપુરી પેટાચૂંટણીમાં, ડિમ્પલે ભાજપના રઘુરાજ શાક્યને ૨,૮૮,૪૬૧ મતોના માર્જિનથી હરાવ્યા હતા. મૈનપુરી બેઠક માટે ભાજપે લગાવેલા તમામ રાજકીય ગણિત નિષ્ફળ ગયા હતા. પોતાની જીત બાદ ડિમ્પલે કહ્યું હતું કે, 'મૈનપુરીના લોકો અને તે તમામ લોકોનો આભાર જેમણે અમને સમર્થન આપ્યું છે. મૈનપુરીના લોકોએ ઈતિહાસ રચ્યો છે. આ જીત નેતાજીની જીત છે અને આપણી આ જીત નેતાજીને શ્રદ્ધાંજલિ રૂપે સમર્પિત છે.

ડિમ્પલ યાદવની જીત બાદ વધુ એક મોટો વિકાસ થયો છે. અખિલેશ યાદવના કાકા અને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના વડા શિવપાલ યાદવે પોતાની પાર્ટીનું સપામાં વિલય કરી લીધું હતું. સૈફઈમાં અખિલેશ કાકા શિવપાલ યાદવને મળ્યા અને સપાના વડાએ તેમને પાર્ટીનો ધ્વજ આપ્યો. આ પ્રસંગે સપા અને પ્રસ્પાના સેંકડો સમર્થકોએ ખૂબ તાળીઓ પાડી હતી.

મૈનપુરી પેટાચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ હતી કે શિવપાલ યાદવની જસવંત નગર વિધાનસભામાં ડિમ્પલ યાદવને મોટી લીડ મળી હતી. ડિમ્પલને અહીં સૌથી વધુ વોટ મળ્યા છે. મૈનપુરીમાં, મતદાન ૫૪.૩૭ ટકા હતું, જ્યારે ૨૦૧૯ સામાન્ય ચૂંટણીમાં, મતદાન ૫૭.૩૭ ટકા હતું. જનતા દળ યુનાઈટેડ સિવાય લોકદળે પણ મૈનપુરી સીટ પરથી ચૂંટણી લડી રહેલી ડિમ્પલ યાદવને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનીલ સિંહે કહ્યું હતું કે લોકદળ અને સપાના જૂના સંબંધો છે. લોકદળ હંમેશા મુલાયમ સિંહ યાદવનું સન્માન કરે છે, તેથી જ લોકદળે ડિમ્પલ યાદવને સમર્થન આપ્યું હતું.

# ઠંડીમાં ઠુંઠવાવા તૈયાર રહેજો: કાલથી ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં તાપમાન ગગડશે

નવીદિલ્હી,તા.૧૨

સામાન્ય રીતે હાડ થીજાવી દેનારો ડિસેમ્બરનો મહિનો હજુ સુધી એટલો ઠંડો રહ્યો નથી. હવામાન વિભાગની માનીએ તો હવે કડકડતી ઠંડી માટે લોકોએ તૈયાર થઈ જવાનું છે.

આગાહી પ્રમાણે ટૂંક સમયમાં જ હવામાન યુ-ટર્ન લેશે. કાલ રાતથી બર્ફીલી હવાઓ ફૂંકાવાનું શરૂ થઈ જશે અને તાપમાન ઝડપથી ગગડવા લાગશે.

અત્યારે સવાર-સાંજ ફૂંકાઈ રહેલી ઠંડી બે-ત્રણ દિવસમાં પોતાનું વલણ બદલાવશે. હવામાન વિભાગનું અનુમાન છે કે કાલથી ઉત્તર-પશ્ચિમી બર્ફીલી હવાઓ ફૂંકાશે.

આ સપ્તાહે પહાડો પર પશ્ચિમી વિક્ષોભ ઓછું થવાથી હવામાન યૂ-ટર્ન લેશે અને ન્યુનત્તમ તાપમાનમાં ઝડપથી ઘટાડો આવશે મતલબ કે ઠંડીમાં આપોઆપ વધારો થવાનો છે.

હવામાનની ચાલ ઉપર પશ્ચિમી વિક્ષોભની ખૂબ જ અસર પડતી હોય છે. દિલ્હી-એનસીઆરમાં આ પશ્ચિમી વિક્ષોભની અસર ઠંડીમાં વધારો કરશે. પહાડો પર બરફ વધુ પડશે તો મેદાની વિસ્તારોમાં વરસાદના પણ અણસાર છે.



પશ્ચિમી વિક્ષોભને કારણે ઠંડીની મોસમ આવે છે. પશ્ચિમી વિક્ષોભની શરૂઆત મેડિટેરેનિયનથી જ થાય છે. ખાડી દેશોમાંથી પસાર થઈને તે અફઘાનિસ્તાન, પાકિસ્તાન સુધી જાય છે અને ત્યારપછી ભારતનો રસ્તો પકડે છે.

આ જ કારણથી સૌથી પહેલાં કાશ્મીરનું વાતાવરણ પલટાય છે અને ત્યારબાદ હિમાચલ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોનો વારો આવે છે.

પહાડો ઉપર ખૂબ જ બરફવર્ષા થાય છે અને ઝડપી હવાઓ ફૂંકાવા લાગે છે જે મેદાની વિસ્તારો સુધી પહોંચે છે. બદલાઈ રહેલા હવામાનની અસર દિલ્હી-એનસીઆર ઉપરાંત હરિયાણા, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તરપ્રદેશ, ગુજરાત અને પશ્ચિમી મધ્યપ્રદેશમાં જોવા મળશે અને અહીં બે-ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી નીચે જઈ શકે છે. એકંદરે ડિસેમ્બરના અંતમાં લોકોએ આકરી ઠંડીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

N.O.G..S.S. No 0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- પરિચય.
પ્રકારઃ- ગદ્ય લેખ.
શીર્ષકઃ- પરિચય.
રચનાઃ-

જ્યારે પરિચય આપવાની વાત થાય ત્યારે જો વ્યક્તિ પોતાને માટે કંઈ લખવા પ્રયત્ન કરે તો ઘણું લખી શકાય પરંતુ જો પરિચય બીજા આપે તો તે તેનો મર્યાદિત જ પરિચય કરી શકે.

મારો લેખક તરીકેનો પરિચય મારું જ્યારે બે વર્ષ પહેલા સાહિત્ય સરિતા ગ્રુપમાં આગમન થયું ત્યારથી શરૂ થયો એમ કહી શકાય

તેની પહેલા થોડું લખતો પરંતુ નિષ્ક્રિયતા ઘણી હતી અને સાથે સાથે કાગળ પર લખવું તેને ટાઈપ કરાવવું ટપાલમાં મોકલવું આવી બધી લાંબી પ્રક્રિયાથી ઘણીવાર ખૂબ કંટાળો આવે અને લેખન માટેના જે વિચારો થતાં તેના ઉપર પણ પાણી ફરી વળતું.

ગ્રુપમાં આવ્યા પછી મારી લેખન પ્રવૃત્તિને વેગ મળ્યો એટલું જ નહીં પરંતુ પ્રદીપભાઈ અને સંચાલક મંડળનો વગેરેનો ખૂબ સહકાર મળ્યો એટલું જ નહીં પરંતુ વાચક વર્ગના પણ સારા પ્રતિભાઓ મળવા મંડ્યા અને મારા લેખનને વધારે વેગ મળ્યો.

આને કારણે બીજા ગ્રુપોમાં પણ હું જોડાયો અને તેમાં પણ મારું લેખન કાર્ય ચાલુ રાખ્યું .તેને કારણે દિવસે દિવસે મારી પ્રતિભા ખીલતી હોય તેવું મને લાગવા લાગ્યું. એટલું જ નહીં પરંતુ ઘણો સારો પ્રતિભાવ મારા લેખન કાર્યને મળ્યો.

દેશ વિદેશમાં મારા ઘણા બધા લેખો છપાયા અને વાચક વર્ગ તરફથી પણ સારો પ્રતિભાવ મળતો રહ્યો તેને કારણે મારી લેખન પ્રવૃત્તિને વધારે વેગ મળ્યો તેમાં પણ સૌથી વધારે જો કોઈ મહત્વ આપવા માંગતો હું તો સાહિત્ય સરિતા વિભાગ એ માટે લેખન કાર્યોનો એક સ્ટેજ મળ્યું.

હું સારો માનવી બનું અને બીજાની ઉપયોગમાં આવી શકું એ જ મારો પરિચય ટૂંકમાં કહી શકું.

લેખકઃ- રતીલાલ વાયડા

---------------------------------------------

Vibhitiben Desai: NOGSS/0044
વિષયઃ- પરિચય
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- સ્વની ઓળખ
શબ્દોઃ-૨૯૦

મારો પરિચય એટલે સૂરજને અરીસો બતાવવા જેવું.ચોંકી ગયા ને!

સાચી જ વાત છે એક સ્ત્રીનો પરિચય આપવાની તાકાત છે કોઈની ! સ્ત્રી એક સર્જક, ઈશ્વરે આ એક ઉમદા કાર્ય એને સોંપ્યું છે. પોતાનાં સંતાનો માટે તો વાત્સલ્ય વહેતું જ રહે પરંતુ મા વિનાનાં ભાંડરડાને ઉછેરતી બહેનને જોજો એ જ વાત્સલ્ય.

દીકરી જન્મે ત્યારથી અંતિમ શ્વાસ સુધીમાં કંઈ કેટલાં કિરદાર બખૂબી નિભાવી જાણે.

સ્ત્રીને ખરેખર ઓળખની જરૂર છે જ નહીં .સ્ત્રી હોવું એ જ એની ઓળખ.સ્ત્રી એટલે શક્તિ.

હા, વર્ષો પૂર્વે સ્ત્રી જ્યારે શિક્ષિત નહોતી અને ચાર દિવાલમાં, અર્થાત્ રસોડું,કોઢાર અને રાત્રે શયનખંડમાં જ એની જિંદગી પૂરી થઈ જતી .

ત્યારે એ કુંવારી અવસ્થામાં પિતાની પુત્રી, લગ્ન પછી પતિની પત્ની અને પતિ ગુજરી જાય ત્યારે તેની વિધવા એ જ એની ઓળખ હતી. એ જમાનામાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની જેમ 'સ્વ' થી ઓળખાતી સ્ત્રી નહિવત . આ બધું પુરુષ પ્રધાન સમાજની ભેટ .

આજના જમાનામાં જ્યારથી સ્ત્રી શિક્ષિત થઈ અને ઉંબર ઓળંગ્યો ત્યારથી 'સ્વ'ની ઓળખ એણે પોતે ઊભી કરી છે.

માત્ર અક્ષરજ્ઞાન મેળવનાર સ્ત્રીએ પણ 'સ્વ'ની ઓળખ કોઈક ને કોઈક હુન્નર દ્વારા, પોતાની કલા દ્વારા ઉભી કરી છે.ઓછું ભણેલી નારી ખ્યાતનામ લેખિકા તરીકે પ્રખ્યાત થઈ છે.

આજના યુગમાં સ્ત્રીએ વિવિધ ક્ષેત્રે નામના મેળવી ઘર અને બહાર બંને ક્ષેત્રે સમતોલન અને પરિવારમાં સુમેળ ભર્યા સંબંધો જાળવીને પ્રગતિ કરી છે.

આ સૃષ્ટિનાં સર્જનહાર ઈશ્વર પછી એ સૃષ્ટિને ચલાવવા, જીવંત રાખવા વ્યક્તિની જરૂર છે જેનું સર્જન એક માતાએ કર્યું છે.દરેક સ્ત્રી કોઈપણ સ્વરૂપમાં હોય એનામાં માતૃવત્સલ પ્રેમ હોવાનો જ.

સ્ત્રી એટલે શક્તિ, શક્તિનો સ્ત્રોત.આવી શકિતશાળી સ્ત્રીને ઓળખની શું જરૂર? પરંતુ આ હરિફાઈનાં યુગમાં પોતાનાં સંતાનો પાછળ ન રહી જાય એ માટે માતા ઝઝૂમતી રહે છે. સંતાનો માતાનાં સંપર્કમાં વધુ રહેતાં હોવાથી માતા પાસેથી ઘણું શીખી અપનાવે છે . તેથી જ તેઓ અનેક ક્ષેત્રે પદાર્પણ કરી સ્વની ઓળખ બનાવી શકે છે.

શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---------------------------------------------

Dr. Manisha Nog: *NOGSS NO-* 0088
વિષય- પરિચય
પ્રકાર- ગદ્ય
શીર્ષક- કર્મ બનાવે અમર
નામ- ડૉ. મનીષા વ્યાસ

મત કર કાયા કો અહંકાર.. મત કર માયા કો અભિમાન.. કાયા ગાર સે કાચી..

શેર કૌભાંડના પ્રખ્યાત પાત્ર હર્ષદ મહેતાની જીવની પર આધારિત સિરિયલનું આ ટાઈટલ સોંગ ખૂબ પ્રખ્યાત થયેલું. જ્યારે નીરવ શાંતિમાં એને ધ્યાન દઈને સાંભળીએ ત્યારે એની અંદર રહેલો તાત્વિક મર્મ સમજાય છે.

માની કોખ એ પૃથ્વી પર જન્મનાર દરેકનું પ્રવેશ દ્વાર છે. જન્મ પછી નામાભિધાન થાય છે અને પછી આખા જીવન પર્યંત એ નામને ચરિતાર્થ કરવાનો કર્તવ્ય ઉત્સવ ઉજવાય છે.

નામ તેનો નાશ એવી ઉક્તિ છે. પરંતું શું તે નામ દ્વારા થયેલા સત્કર્મો કે કાર્યોનો નાશ થાય છે? 'ના' ક્યારેય નહીં. તે નામ દ્વારા માનવીએ કરેલા કાર્યો સત્કર્મ અનેક પેઢીઓ અને હજારો વર્ષો સુધી અજર અમર રહે એજ હકીકતે સાચો પરિચય બની રહે છે.

દાખલા તરીકે શ્રીરામને મર્યાદા પુરુષોત્તમ કહી વિશ્વ તેને પૂજે છે. કૃષ્ણને ઉદ્ધારક કહી તેને સખા ભાવે પૂજે છે. એકલા પુરુષો જ કેમ.. સ્ત્રીઓ પણ પૃથ્વી પરના અધમ રાક્ષસી તત્વોનો સંહાર કરે છે ત્યારે તેને વિવિધ નામોએ શક્તિ સ્વરૂપે ગણીને સૌ આરાધના કરે છે. તેવી રીતે અન્ય ધર્મોમાં પણ મહંમદ પયગંબર સાહેબ, ઈસુ ખ્રિસ્ત જેવા અનેક લાખો ઉદાહરણ છે. આ તો થઈ આદિયુગના દૈવી અવતારોની વાતો પણ અર્વાચીન યુગમાં પણ અનેક પુણ્યાત્મા, લાખો સાધુસંતો, સમાજસેવકો થઈ ગયા...

જેવા કે... વિવેકાનંદ, મહાત્મા ગાંધી, રાજારામ મોહનરાય, અહલ્યાબાઈ, મહારાણી લક્ષ્મીબાઈ, મધર ટેરેસા, જ્યોતિબા ફુલે, ડોક્ટર બાબા સાહેબ આંબેડકર વગેરે જેવા અનેક પોતાના કર્મોથી અજર અમર બની ગયા.

વ્યક્તિત્વને અજર અમર બનાવવા માટે કર્તવ્ય નિષ્ઠા, ધૈર્ય, સાત્વિક સત્કર્મો, સમાજસેવા વગેરે જેવા ગુણોનો સરવાળો અને દુર્ગુણોની મહત્તમ બાદબાકી કરવી પડે છે. અથાગ સત્કર્મો થકી સમાજના સાચા રાહબર બને ત્યારે સમાજ તેમના નામને પેઢીઓ સુધી સંવર્ધિત કરી યાદ કરે છે.

હું ઈશ્વરને સતત પ્રાર્થું છું કે હે ઈશ્વર! મને સતત પ્રેરણા અને સદ્‌બુદ્ધિ આપી સુંદર સત્કર્મો કરાવજે. મારી લેખિની પર સદા આશિર્વાદ વરસાવાજે.. જેથી હું સક્ષમ અને નિર્ભય બની લખી શકું. મારું જીવન સમાજ માટે 'જગદીવડી' ને 'પથદર્શક' બની રહે. ને સાર્થક ધૂપસળી સમું જીવી જાણું.

# કિંગ ખાન માતાના દરબારમાં પઠાનની રિલીઝ પહેલાં શાહરુખ ખાને વૈષ્ણોદેવીના મંદિરમાં માથું નમાવ્યું



જમ્મુ,તા.૧૨

બોલિવૂડ સ્ટાર શાહરુખ ખાન હાલમાં પોતાની ફિલ્મ 'પઠાન'ને કારણે ચર્ચામાં છે. શાહરુખ ખાને ફિલ્મ રિલીઝ પહેલાં ઉમરાહ કરવા મક્કા ગયો હતો. હવે કિંગ ખાને માતા વૈષ્ણોદેવીના દરબારમાં માથું ટેકવ્યું હતું શાહરુખ ખાન પોતાની ફિલ્મની સફળતા માટે માતા વૈષ્ણોદેવીના મંદિરે ગયો હતો. ૧૧ ડિસેમ્બરે મોડી રાત્રે કિંગ ખાન પોતાની ટીમ સાથે કટરાથી ચાલતો વૈષ્ણોદેવીના મંદિરે ગયો હતો. અહીંયા તેણે દર્શન કરીને પ્રાર્થના કરી હતી. શાહરુખ ખાન બ્લેક જેકેટમાં તથા માસ્કમાં હોવાથી ચાહકો પોતાના ફેવરિટ સ્ટારને ઓળખી શક્યા નહોતા.થોડાં સમય પહેલાં જ શાહરુખે મક્કામાં ઉમરાહ કર્યો હતો. આ અંગેની માહિતી એક સાઉદી પત્રકારે સો.મીડિયામાં પોસ્ટ શૅર કરીને આપી હતી. શાહરુખ ખાનનો ઉમરાહનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ વીડિયોમાં એક્ટર સુરક્ષાથી ઘેરાયેલો હતો. આ વીડિયોમાં કિંગ ખાન ઈસ્લામિક યાત્રાધામ દરમિયાન સફેદ ઝભ્ભામાં જોવા મળ્યો હતો.શાહરુખ ખાન 'પઠાન'માં એક્શન અવતારમાં જોવા મળશે. તેની ફિટનેસ જોઈને ચાહકો પણ નવાઈમાં મૂકાઈ ગયા છે. આ ફિલ્મ આવતા વર્ષે ૨૫ જાન્યુઆરીએ રિલીઝ થશે. આજે એટલે કે ૧૨ ડિસેમ્બરના રોજ ફિલ્મનું પહેલું ગીત 'બેશરમ રંગ' રિલીઝ થયું છે. આ ગીતમાં દીપિકા પાદુકોણનો સિઝલિંગ અવતાર જોવા મળ્યો છે. ફિલ્મમાં શાહરુખ-દીપિકા ઉપરાંત જહોન અબ્રાહમ પણ છે. સિદ્ધાર્થ આનંદે ડિરેક્ટર કરેલી આ ફિલ્મ હિંદી ઉપરાંત તમિળ તથા તેલુગુમાં રિલીઝ થશે. ૫ વર્ષના લાંબા બ્રેક બાદ ૨૦૨૩માં શાહરુખ ખાનની ત્રણ ફિલ્મ રિલીઝ થવાની છે.

શાહરુખ ખાન છેલ્લે ૨૦૧૮માં 'ઝીરો'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં કેટરીના કૈફ તથા અનુષ્કા શર્મા હતાં. ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરફ્લોપ રહી હતી. આ જ કારણે શાહરુખ ખાને થોડા સમયનો બ્રેક લીધો હતો. ૨૦૨૩માં 'પઠાન' બાદ 'જવાન' પછી 'ડંકી' રિલીઝ થશે. શાહરુખ ખાન થોડાં સમય પહેલાં ફિલ્મ 'ડંકી'નું શૂટિંગ પૂરું કર્યું હતું, એક્ટરે વીડિયો શૅર કરીને આ અંગેની જાણકારી આપી હતી. તો આ સાથે જ પોસ્ટમાં ફિલ્મના તમામ કલાકારોનો આભાર માન્યો હતો.

શાહરુખે સાઉદી અરેબિયાના સંસ્કૃતિ અને ફિલ્મ મંત્રાલયનો પણ આભાર માન્યો હતો.

બોલિવૂડ એક્ટર શાહરુખ ખાનનેં છઈમાં અવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. કિંગ ખાનને આ અવૉર્ડ તેના યોગદાન તથા ગ્લોબલ આઈકન તરીકે આપવામાં આવ્યો છે. ૧૧ નવેમ્બરના રોજ શાહરુખ ખાનેં છઈના એક્સપો સેન્ટરમાં હાજરી આપી હતી.

# ઈઝરાયેલે પેલેસ્ટાઈન પર ફરી હુમલો કર્યો, હુમલામાં ૧૬ વર્ષના કિશોરનું મોત



ઈઝરાયેલ,તા.૧૨

પશ્ચિમ કાંઠે ઈઝરાયેલી સેનાની કાર્યવાહીમાં સોમવારે એક કિશોરનું મૃત્યુ થયું હતું. પેલેસ્ટાઈનની એક હોસ્પિટલે આ જાણકારી આપી છે. જેનિન શહેરની ખલીલ સુલેમાન સરકારી હોસ્પિટલના જણાવ્યા અનુસાર, ૧૬ વર્ષીય જના જાકરનને માથામાં ગોળી વાગી હતી અને તેનું મૃત્યુ થયું હતું. સત્તાવાર પેલેસ્ટિનિયન સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો કે હુમલા સમયે ઝકરાન તેના ઘરની ટેરેસ પર હતી અને ફોર્સે વિસ્તાર છોડી દીધા પછી તે ત્યાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

ઈઝરાયેલની સેનાએ કહ્યું કે તે કિશોરના મોતની જાણ છે અને આ સંદર્ભે તપાસ કરવાની છે. સેનાના જણાવ્યા અનુસાર, તેના સૈનિકોએ ઈઝરાયલીઓ વિરુદ્ધ હુમલાની શંકામાં વોન્ટેડ ત્રણ પેલેસ્ટિનિયનની ધરપકડ કરી છે.

આ દરમિયાન સૈનિકો અને શકમંદો વચ્ચે ભીષણ અથડામણ પણ થઈ હતી. પશ્ચિમ કાંઠે અને પૂર્વ જેરુસલેમમાં આ વર્ષે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેની હિંસક અથડામણમાં લગભગ ૧૫૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે, જે ૨૦૦૬ પછી સૌથી વધુ મૃત્યુ પામ્યા છે.ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે મોટાભાગના પેલેસ્ટાઈન લડવૈયાઓ માર્યા ગયા છે. પરંતુ આ યુદ્ધમાં ઈઝરાયેલની સેના પર પથ્થરમારો કરનારા યુવાનો અને અન્ય લોકો પણ મરી રહ્યા છે. ગત દિવસોમાં પેલેસ્ટાઈન દ્વારા ઈઝરાયેલ પર હુમલામાં ૧૯ લોકોના મોતની ઘટના બાદ ઈઝરાયેલની સેના પશ્ચિમ કાંઠે સતત દરોડા પાડી રહી છે અને લોકોની ધરપકડ કરી રહી છે. ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે પેલેસ્ટિનિયન લડવૈયાઓના નેટવર્કને તોડવા અને વધુ હુમલાથી બચવા માટે આવું કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં અરબ તરફથી થયેલા હુમલામાં ૩૧ લોકો માર્યા ગયા છે.આ મહિનાની શરૂઆતમાં ઈરાનમાં ઈઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદ માટે કામ કરવાના આરોપમાં ચાર લોકોને ફાંસી આપવામાં આવી હતી જ્યારે અન્ય ત્રણ લોકોને લાંબી કેદની સજા ફટકારવામાં આવી છે. સત્તાવાર સમાચાર એજન્સી આઈઆરએનએએ અહેવાલ આપ્યો છે કે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ (આર્મ્ડ ફોર્સીસ) એ ઈઝરાયેલી એજન્સી સાથે સંકળાયેલા લોકોના નેટવર્કની ધરપકડ કરવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ લોકોનો ગુનાહિત રેકોર્ડ છે અને તેમણે દેશની સુરક્ષાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.

# રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં પાઇલટના સમર્થનમાં નારા લાગ્યા, હાથમાં કટઆઉટ પણ
## યાત્રામાં મહિલાઓ ઊમટી પડી, પ્રિયંકા અને તેની પુત્રી મિરાયા પણ સામેલ



બુંદી,તા.૧૨

આજે ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધી સાથે માત્ર મહિલાઓ જ ચાલવાની હતી, પરંતુ મહિલા શક્તિ પદયાત્રાની શરૂઆત થયા બાદ હવે પુરૂષ યાત્રીઓ અને મહિલાઓ સાથે મળીને ચાલી રહ્યા છે. આ યાત્રામાં પ્રિયંકા ગાંધી અને તેમની પુત્રી મિરાયા પણ તેમની સાથે છે. પ્રિયંકા ગાંધી અને તેમની પુત્રી પણ રવિવારે સાંજે યાત્રામાં સામેલ થયા હતા. રાહુલની મુલાકાતમાં સચિન પાયલટના સમર્થકો કટઆઉટ લઈ રહ્યા છે.

રાહુલ ગાંધીની યાત્રામાં સેલિબ્રિટીઝ સતત જોડાઈ રહ્યા છે. રવિવારે અભિનેત્રી દિગંગના સૂર્યવંશી અને અભિનેતા સિદ્ધાર્થ તંબોલી રાહુલ ગાંધી સાથે યાત્રામાં જોડાયા હતા. આ પહેલા અભિનેત્રી સ્વરા ભાસ્કર મધ્યપ્રદેશમાં પણ યાત્રા પર ગઈ હતી. રાહુલ ગાંધીની યાત્રામાં અન્ય ઘણી અભિનેત્રીઓ અને કલાકારો પણ જોડાયા છે. જ્યારે, યાત્રા દરમિયાન, સચિન પાયલટના સમર્થકો તેમના કટઆઉટ લઈને ચાલી રહ્યા છે. પ્રવાસ દરમિયાન તેમના સમર્થકોએ પાયલટના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.ભારત જોડો યાત્રામાં ભાગ લેવા માટે નજીકના જિલ્લાઓમાંથી મહિલાઓ આવી પહોંચી છે. આ માટે કોંગ્રેસના આગેવાનોએ વિસ્તારવાર મહિલાઓને પદયાત્રામાં લાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

રાહુલ ગાંધીની સાથે યાત્રામાં આજે પ્રિયંકા ગાંધી અને તેમની પુત્રી મિરાયા પણ ચાલી રહી છે.રાહુલની સાથે અનેક વૃદ્ધ મહિલાઓ પણ ચાલી રહી છે. રાહુલ ગાંધીએ તેમની સાથે વાતચીત કરી હતી.મહિલાઓ લોક ગીતો ગાતા ગાતા યાત્રામાં ચાલી રહી છે.બુંદી જિલ્લાના કેશોરાઈપટનના બબઈથી સવારે ૬ વાગ્યે આ યાત્રા શરૂ થઈ હતી. રાહુલની યાત્રા સવારે ૧૦ વાગ્યે સવાઈ માધોપુરના ખંડેરના પીલવાડા ગામમાં પહોંચશે જ્યાં યાત્રા લંચ બ્રેક મળશે. લંચ બ્રેક બાદ બપોરે ૩ઃ૩૦ કલાકે યાત્રા ફરી શરૂ થશે. યાત્રા સાંજે સાડા છ વાગ્યે ખંડેરના કુસ્તલા પહોંચશે, જ્યાં રાહુલ ગાંધી સભામાં સંબોધન કરશે આ યાત્રા ખંડેરના બેરીફ ખાતે રાત્રિ આરામ કરશે.કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે ભારત છોડો યાત્રા જાદુની છડી નથી. મેં ક્યારેય આ દાવો કર્યો નથી કે આ જાદુની છડી છે. કોઈ જાદુની છડી નથી. આ એક ગંભીર પ્રયાસ છે. તેને આગળ લઈ જવાનું કામ સંગઠનનું છે, આ યાત્રાને ફોલોઅપ સંગઠને કરવાની છે. સંગઠનની જવાબદારી બને છે કે તેને ફોલોઅપ કરે. જો સંગઠન તરફથી ફોલોઅપ નહીં થાય તો કંઈ થશે નહીં, અમે આવ્યા અને ગયા, તેની કોઈ અસર થવાની નથી. એટલા માટે અમે હાથથી હાથ જોડો અભિયાન શરૂ કર્યું છે.રાજસ્થાન-હરિયાણા સરહદ પાર કર્યા બાદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં એક સપ્તાહનો વિરામ હશે. ૨૪મી ડિસેમ્બરથી ૨જી જાન્યુઆરી સુધી મુસાફરી કરો વિરામ હશે. રાહુલ ગાંધી પ્રવાસના વિરામના દિવસોમાં લોકસભામાં જઈ શકે છે.

રાહુલ ગાંધીની યાત્રા હવે એવા વિસ્તારમાં છે જ્યાં સચિન પાયલટના સમર્થકો મોટી સંખ્યામાં છે. યાત્રામાં પાયલોટ સમર્થકોની સંખ્યા પણ વધવા લાગી છે. મુસાફરીની પાયલોટ સમર્થકો તેમની તરફેણમાં સૂત્રોચ્ચાર કરતા જોઈ અને સાંભળી શકાય છે. સીએમ અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે ચાલી રહેલી રાજકીય ખેંચતાણની અસર પણ જોવા મળી શકે છે.

# તરનતારન પોલીસ સ્ટેશન પર રશિયન બનાવટના આરપીજી-૨૨ વડે હુમલો કરાયાનો ખુલાસો

નવીદિલ્હી,તા.૧૨

પંજાબના તરનતારનના સરહાલી પોલીસ સ્ટેશન પર રોકેટ લોન્ચર હુમલાના મામલામાં મોટો ખુલાસો થયો છે. તપાસમાં સામે આવ્યું છે કે આ હુમલામાં જે રોકેટ લોન્ચરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે રશિયન ઈંય્-૨૨ રોકેટ લોન્ચર હતો. દ્વૈંછ અને પંજાબ પોલીસની ટીમે આ ઘટનામાં વપરાયેલ આરપીજી લોન્ચર રિકવર કરી લીધું છે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે બે સરખા આરપીજી અને બે રોકેટ લોન્ચર હજુ પણ પંજાબમાં હાજર આતંકવાદીઓના સ્લીપર સેલ પાસે છે, જે ચિંતાનો વિષય છે. આ હુમલા પાછળ ખાલિસ્તાન લિબરેશન ફોર્સના આતંકવાદી લખબીર સિંહ લાંડાનો હાથ હોવાનું કહેવાય છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના કહેવા પર કેનેડામાં બેઠેલા ખાલિસ્તાન સમર્થક આતંકવાદી લખબીર સિંહ લાંડાએ સરહાલી પોલીસ સ્ટેશન પર હુમલાનું કાવતરું ઘડ્યું હતું. મળતી માહિતી મુજબ, પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા ૩ આરપીજી આતંકવાદીઓને પંજાબના લાંડાના સ્લીપર સેલમાં મોકલવામાં આવ્યા હતા. લાંડાએ ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશનના વડા લખબીર સિંહ રોડ દ્વારા તરનતારન જિલ્લામાં 'આતંકી નેટવર્ક' ઊભું કર્યું છે. પંજાબ પોલીસ હવે બાકીના બે આરપીજીને શોધી રહી છે જેથી આતંકવાદીઓ આવી વધુ કોઈ ઘટનાને અંજામ ન આપી શકે.

આ ઘટના ૧૦ ડિસેમ્બરે તરન તારન જિલ્લામાં બની હતી. રાત્રે, અમૃતસર-ભટિંડા હાઈવે પર સરહાલી પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા સાંજ કેન્દ્રમાં કેટલાક અજાણ્યા બદમાશો દ્વારા ફાયરિંગ કરવામાં આવેલ આરપીજી અથડાયું. જોકે, સરહાલી પોલીસ સ્ટેશન નિશાન હતું. બોમ્બ નિકાલ ટુકડીએ રવિવારે હરિકે પટ્ટન નદી પાસે એક આરપીજીને નિષ્ક્રિય કર્યો હતો. ટુકડીએ આરપીજીને સાંજ કેન્દ્રમાંથી બહાર કાઢી અને તેને સુરક્ષિત રીતે નિષ્ક્રિય કરવા માટે તરનતારન અને ફિરોઝપુર જિલ્લાની સરહદ પર નદીની નજીકના સ્થળે લઈ ગઈ.

છેલ્લા સાત મહિનામાં રાજ્યમાં આ બીજી ઘટના છે. જો કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ બારીનાં કાચ અને ઈમારતની દિવાલનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો. આ કેસના સંદર્ભમાં પોલીસે સાત શંકાસ્પદ લોકોની અટકાયત કરી છે અને તેમની પૂછપરછ કરી રહી છે. પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે શનિવારે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસ મુજબ, આરપીજીનો ઉપયોગ કરીને હાઈવે પરથી શેલ છોડવામાં આવ્યો હતો અને તે સરહાલી પોલીસ સ્ટેશનના સુવિધા કેન્દ્ર નજીક વિસ્ફોટ થયો હતો.

યાદવે કહ્યું કે તે મિલિટરી ગ્રેડનું હાર્ડવેર છે, જેની સરહદ પારથી દાણચોરી કરવામાં આવી હોવાની આશંકા છે.

# મની લોન્ડરિંગ કેસમાં સ્પેશિયલ કોર્ટે જામીન નકાર્યા બાદ નવાબ મલિક બોમ્બે હાઈકોર્ટને શરણે

મુંબઈ,તા.૧૨

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને પૂર્વ મંત્રી નવાબ મલિકે તેમની જામીન અરજી ફગાવી દેવાના ૩૦ નવેમ્બરના સ્પેશિયલ કોર્ટના આદેશને પડકારતી બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી છે.વકીલ તારક સૈયદ અને કુશલ મોર દ્વારા સોમવારે સવારે જસ્ટિસ મકરંદ એસ કર્ણિકની સિંગલ જજની બેંચ સમક્ષ મલિકની અરજીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૧૩ ડિસેમ્બર, મંગળવારના રોજ સુનાવણી માટે મુકી છે. મલિકની ફેબ્રુઆરીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કુર્લામાં ગોવાલા કમ્પાઉન્ડ નામની મિલકત પર નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, જે ભાગેડુ ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલી હતી.મહા વિકાસ આઘાડી સરકારમાં મંત્રી રહેલા મલિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે અને તેઓ મે મહિનાથી ખાનગી હોસ્પિટલમાં છે.



તા.૧૨-૧૨-૨૦૨૨ને સોમવારના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની કેબિનેટના સાથીઓની શપથ ગ્રહણ વિધિમાં ગાયત્રી પરિવાર અમદાવાદ જિલ્લા તરફથી શપથ સમારંભમાં તુલસીભાઈ પટેલ અને કનુભાઈ પટેલ હાજર રહ્યા હતાં.

# અમદાવાદઃ બાપુનગરમાં ફાયરિંગ કરીને રૂપિયા ૨૦ લાખની લૂંટ, આરોપીઓ ફરાર

અમદાવાદ,તા.૧૨

શહેરમાં ફરી એક વખત લૂંટનો બનાવ બનતા પોલીસ દોડતી થઈ ગઈ છે. શહેરના બાપુનગર વિસ્તારમાં રૂપિયા ૨૦ લાખની લૂંટની પ્રાથમિક માહિતી સામે આવી રહી છે. બાપુનગરના ડાયમંડ માર્કેટ પાસે ખાનગી પેઢીના કર્મચારી રૂપિયા ભરેલી બેગ લઈને નીકળતા બે જેટલા આરોપીઓ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હોવાનું સામે આવી રહ્યું છે. પ્રાથમિક તપાસમાં રૂપિયા ૨૦ લાખ હોવાનું સામે આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે અને આરોપીઓને પકડવા કામે લાગી ગઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કર્મચારી ગઈકાલે ૨૦ લાખ રૂપિયા લઈને તેના ઘરે ગયો હતો. આજે સવારે કર્મચારી જ્યારે રૂપિયા લઈને નિકળ્યો ત્યારે બે લૂંટારૂઓ તેનો પીછો કરી રહ્યા હતા. કર્મચારી જ્યારે ઓફિસે પહોચ્યો ત્યારે બન્ને શખ્સોએ તકનો લાભ લઈને લૂંટની ઘટનાને અંજામ આપી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કર્મચારી પણ શંકાના ડાયરામાં છે. કારણે તેની પાસે ૨૦ લાખ જેટલી માતબર રકમ છે, તેની જાણ લૂંટારૂઓને કેવી રીતે હોઈ શકે છે. કર્મચારી તેના ઘરેથી નીકળ્યો ત્યારથી લઈને ઓફિસ સુધી પહોચ્યો તેના સીસીટીવી ફૂટેજ કબજે કરવા માટે પોલીસે તજવીજ શરુ કરી છે. આ સિવાય હીરાવાડીમાં આવેલા તમામ સીસીટીવી ફૂટેજ પણ પોલીસ કબજે કરશે. વીસ લાખની લૂંટના સમાચાર મળતાની સાથે જ ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી ગુનાનો ભેદ ઉકેલવા માટે ચક્રોગતિમાન કર્યા છે.


મહત્વનું છે કે, ઘટના બનતા અનેક સવાલો પણ ઊભા થઈ રહ્યા છે. આરોપીઓ દ્વારા પહેલા નક્કી કરવામાં આવ્યું હોય ત્યાર બાદ ઘટનાને અંજામ આપવામાં આવ્યું હોય તેવું પણ લાગી રહ્યું છે. બાપુનગરમાં અનેક ખાનગી પેઢીઓ આવેલી છે. જેથી સુરક્ષાને લઈને પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. હાલ પોલીસ દ્વારા ફરિયાદ લઈને વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આર.અશોક પેઢીના કર્મચારીને લૂંટી લેવામા આવ્યો છે. જેથી પોલીસ દ્વારા વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.બીજી તરફ, શહેરમાં નારોલ, ઓઢવ અને એલિસબ્રિજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ ચોરીની ઘટના બની હોવાનું સામે આવી રહ્યું છે. ત્રણે ચોરીમાં ફરિયાદી લગ્નમાં જતાં હતા, કંકોત્રી લખાવવા જઈ રહ્યા હતા ત્યારે બનાવ બન્યો હતો. નારોલમાં ફરિયાદીના પુત્રના લગ્ન હોવાથી જાન લઈને ગયા હતા અને પાછા આવીને જોયું તો ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસની કામગીરીને લઈને પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે અને ક્રાઈમ બ્રાન્ચ પણ કામે લાગી ગઈ છે.

# આચાર્ય લોકેશજીએ માનવ અધિકાર દિવસ પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી

- આચાર્ય લોકેશજી, બી.કે.બિન્ની સરીન ભીખ્ખુ સંઘસેનજીએ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ હ્યુમન રાઈટ્સ દ્વારા આયોજિત 'માનવધિકાર સન્માન ૨૦૨૨'નું વિતરણ કર્યું - ડો. એન્થોની રાજુજી
- સમાજના તમામ વર્ગોને એક થઈને મુખ્ય પ્રવાહ સાથે જોડવા પડશે - આચાર્ય લોકેશજી

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, કોઈપણ કિંમતે કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ, અને દરેક વ્યક્તિ પોતાનું જીવન આનંદથી જીવી શકે, તેથી જ માનવ અધિકારોનું નિર્માણ થયું. માનવ અધિકાર દિવસ લોકોને તેમના અધિકારો વિશે જાગૃત કરવાના હેતુથી ઉજવવામાં આવે છે. આચાર્ય લોકેશજીએ આ શબ્દો ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ હ્યુમન રાઈટ્સ, લિબર્ટીઝ એન્ડ સોશિયલ જસ્ટિસ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ ૨૦૨૨ના અવસર પર 'આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર પુરસ્કાર ૨૦૨૨'નું વિતરણ કરતી વખતે કહ્યા હતા. વધુમાં, આચાર્યશ્રીએ કહ્યું કે, હું ખુશ છું કારણ કે માનવ અધિકારોના સંરક્ષણના ક્ષેત્રમાં કામ કરતી ખૂબ જ વિશેષ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વતંત્રતાના અંતિમ હિમાયતી હતા, તેમણે માત્ર માનવ અધિકારો જ નહીં, પરંતુ જીવંત અને નિર્જીવ પ્રાણીઓના અધિકારોનું પણ રક્ષણ કરવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, નેપાળ વગેરે જેવા અનેક દેશોના પ્રતિનિધિઓ અને ભારતના અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. બીકે ડૉ.બિન્ની સરીનજીએ જણાવ્યું હતું કે તમામ માનવીઓ સ્વતંત્ર, સન્માનજનક અને અધિકારોમાં સમાન છે.

સમાનતા અને બિન-ભેદભાવના સિદ્ધાંતો માનવ અધિકારોના કેન્દ્રમાં છે. વ્યક્તિઓ, જૂથો દ્વારા પણ માનવ અધિકારોનું ઉલ્લંઘન થાય છે. તેથી લોકોએ વિવિધ માધ્યમો દ્વારા માનવ અધિકારોના કોઈપણ ઉલ્લંઘન સામે અવાજ ઉઠાવવાની જરૂર છે. બૌદ્ધ




બિખ્ખુ સંઘસેનાજીએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ ૨૦૨૨ ની થીમ 'સૌ માટે ગૌરવ, સ્વતંત્રતા અને ન્યાય' છે. દેશ અને વિશ્વની સામાજિક અને રાષ્ટ્રીય સંસ્થાઓએ આગળ આવીને સમાજના તમામ વર્ગોને એક સાથે જોડવાનું કાર્ય કરવું પડશે જેથી કરીને તમામ વર્ગો સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી શકશે. અખિલ ભારતીય માનવ અધિકાર પરિષદના પ્રમુખ સુપ્રિમ કોર્ટના એડવોકેટ ડો. એન્થોની રાજુજીએ જણાવ્યું હતું કે આત્મનિર્ભરતા સર્વગ્રાહી વિકાસ દ્વારા જ શક્ય છે, માત્ર એક કે બે ક્ષેત્રોમાં સારું કામ કરવું પૂરતું નથી, પરંતુ તમામ ક્ષેત્રોનો વિકાસ જરૂરી છે, જેમાં માનવતાનો વિકાસ પણ સર્વગ્રાહી રીતે થવો જોઈએ."

# રાજકોટઃ ટોચના ઉદ્યોગપતિ તેમજ ફિલ્ડ માર્શલ જૂથના ચંદ્રકાંત પટેલનું અવસાન

રાજકોટ,તા.૧૨

રાજકોટના ટોચના ઉદ્યોગપતિ ચંદ્રકાંત પટેલનું અવસાન થયું છે. ચંદ્રકાંત પટેલ ફિલ્ડ માર્શલ ગ્રુપના સ્વ.પોપટ પટેલના મોટા પુત્ર હતા. ઓઈલ એન્જિન ક્ષેત્રે ફિલ્ડ માર્શલ ગ્રુપનું મોટું નામ હતું. ચંદ્રકાંત પટેલનું નિધન થતાં રાજકોટના ઔદ્યોગિક જગતમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.



આ વર્ષે ઓગસ્ટ મહિનામાં જ ઓઈલ એન્જિન ક્ષેત્રે ક્રાંતિ સર્જનારા ફિલ્ડ માર્શલ ગ્રુપના સ્થાપક પોપટભાઈ પટેલનું અવસાન થયું હતું. ઓઈલ એન્જિન ક્ષેત્રે ક્રાંતિ સર્જનારા અને ફિલ્ડ માર્શલ ગ્રુપના પોપટભાઈ પટેલનું ૮૬ વર્ષે અવસાન થયું હતું. જાપાનમાં એક ઉદ્યોગપતિ તરીકે જનારા તેઓ પ્રથમ ભારતીય હતા. સાથે જ વર્ષ ૧૯૬૩માં પી. એમ ડીઝલની સ્થાપના પણ તેઓએ કરી હતી. એટલું જ નહીં, પોતાના અંતિમ સમય સુધી તેઓ ટેક્સ પેયર રહ્યા છે. વર્ષ ૧૯૯૭માં તેઓએ પોતાનો વ્યક્તિગત ઈક્મટેક્સ ત્રણ કરોડ રૂપિયા ભર્યો હતો. આમ દેશની તિજોરીને પણ વફાદાર રહીને તેને છલકાવવાનો હર હંમેશ પ્રયત્ન કર્યો છે.

પોપટભાઈ નરસિંહભાઈ પટેલ ફિલ્ડ માર્શલના સર્જક હતા. ડીઝલ એન્જિનની શરૂઆતથી લઈ ઓર્ગેનિક ફર્ટિલાઈઝર તેમજ ઘરઘંટીથી માંડીને એર કુલર સહિતની વસ્તુઓ ફિલ્ડ માર્શલ દ્વારા બનાવવામાં આવી રહી છે. ફિલ્ડ માર્શલ દ્વારા હાલ મીની ટ્રેક્ટર પણ બનાવવામાં આવે છે. મહિન્દ્રા અને મહિન્દ્રા ગ્રુપ સાથે ટાઈપ કર્યા બાદ યુવરાજ મીની ટ્રેક્ટરમાં પણ ફિલ્ડ માર્શલના જ બનાવેલા એન્જિન ફિટ કરવામાં આવે છે.એક ઉદ્યોગપતિ હોવાની સાથોસાથ પોપટભાઈ સામાજિક ક્ષેત્રે પણ ખૂબ મોટું નામ તેમજ યોગદાન ધરાવે છે. સીદસર ઊંઝા તેમજ ગાઠીલા ઉમિયા મંદિરના નિર્માણ કાર્યમાં તેઓનું મોટાપાયે યોગદાન રહેલું છે. ઉદ્યોગ જગતમાંથી નિવૃત્તિ લીધા બાદ બમણા ઉત્સાહ સાથે સમાજ સેવા કરતા રહ્યા છે. પોતાના જીવનકાળ દરમિયાન કરોડો રૂપિયાનું દાન પોપટભાઈ નરસિંહભાઈ પટેલે આપ્યું હતું. પરંતુ પોતે દાની હોવાનો દાવો તેમને ક્યારેય કર્યો નથી.

# રાજ પંચાલની પ્રેરણાત્મક અને સોનેરી સિદ્ધિ

પરિશ્રમરૂપી પારસમણિ ના સ્પર્શથી સુખી થઈ શકાય આ ઉક્તિને સાર્થક કરી છે ,અડા આઠમ પંચાલ સમાજના શણગાલ ગામના રાજ મનહરભાઈ પંચાલે. આઈ .આઈ. ટી. ગુવાહાટીમાં માસ્ટર ઈન ડિઝાઈનમાં અભ્યાસ કરતા રાજ પંચાલે કોલેજના પ્લેસમેન્ટ પ્રોગ્રામમાં બેંગ્લોરની ક્ષ્રીદૃીદૃ કંપનીમાં ઊંચા પગાર પેકેજ સાથે વાર્ષિક ૩૨ લાખ? ના પગાર સાથે નોકરી મેળવી છે. અભ્યાસ દરમિયાન લિટલ ગુડનેસ કંપનીના ઈન્ટરનશીપ પ્રોગ્રામ દરમિયાન માસિક ૩૦૦૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ મેળવ્યું હતું.

રાજ પંચાલનું શાળાકીય શિક્ષણ તેજસ્વી રહ્યું છે. મોડાસાની કે.એન. શાહ હાઈસ્કુલ અને ચાણક્ય વિદ્યાલયમાં ધો.૧૦,૧૨નુ શિક્ષણ મેળવીને બી.ઈ. ની ડિગ્રી વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ ચાંદખેડામાં મેળવી. ત્યારબાદ બે વર્ષ સુધી ગોવાની એન.જી.ઓ. માં



એકેડેમિક ફિલ્ડમાં સેવાકીય કાર્યો કર્યા. અહીના અનુભવ અને માર્ગદર્શનથી મેનેજમેન્ટ ફિલ્ડ ને છેલ્લે ડિઝાઈન ફિલ્ડ માં કારકિર્દી બનાવવાનુ નક્કી કરતાં આઈ .આઈ. ટી .માં એન્ટ્રન્સ ની તૈયારી માટે ઈન્દોરમાં ક્લાસીસ કર્યા. ૧૫ થી ૧૮ કલાક સતત અને સખત પરિશ્રમ તથા લક્ષ સિદ્ધ કરવાનું ઝનુંન રાજને ઊંચું મેરીટ લાવવામાં મદદ કરી. દેશની વિખ્યાત ચાર આઈ .આઈ. ટી. સંસ્થાઓમાં પ્રવેશપાત્રતા મેળવીને ગુવાહાટીમાં માસ્ટર્સ માટે પ્રવેશ મેળવ્યો .

રાજ પંચાલ ની આ શિક્ષણ યાત્રાનો સમયગાળો અત્યંત કઠિન ,સંઘર્ષમય અને પડકારજનક રહ્યો. આ સમયગાળામાં પિતા મનહરભાઈ ને કિડની ફેલિયરની બીમારી ,હોસ્પિટલાઈઝેશન, ચાર વર્ષ સુધી ડાયાલિસિસની સારવાર અને છેલ્લે માતા સુધાબેને કિડની ડોનેટ કરતાં ટ્રાન્સપ્લાન્ટની ખર્ચાળ સારવાર. આ બધી જવાબદારીઓ વચ્ચે રાજની સતત દોડધામ અને ખડેપગે સેવા તો બીજી બાજુ કારકિર્દી ઘડતરની ચેલેન્જ પણ ઉપાડી.

કોશિશ કરને વાલો કી હાર નહિ હોતી એ ન્યાયે રાજ પંચાલે ઉજ્જવલ કારકીર્દીનુ નિર્માણ કરી બેંગ્લોરની વિખ્યાત સોફટવેર કંપનીના ૩૨ લાખ ના વાર્ષિક પગારથી નોકરી મેળવી અનેક યુવાનોને પ્રેરણા પૂરી પાડી છે. આ સમયગાળા દરમિયાન માતા-પિતા ,સગા સંબંધીઓ અને શુભેચ્છકોનું સતત પ્રોત્સાહન પણ મળતું રહ્યું હતું.

# કોંગ્રેસના દિગ્ગજ ધારાસભ્ય અર્જૂનભાઈ મોઢવાડીયાના પિતાનું ૯૬ વર્ષની વયે અવસાન



અમદાવાદ,૧૨

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાના પિતાનું ૯૬ વર્ષની વયે નિધન થયું છે. તેમના નિધનને લઈને પોરબંદર પંથકમાં ખાસ કરીને તેમના વતન મોઢવાડામાં શોકનો માહોલ છે. મોઢવાડામાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. આજે બપોરે મોઢવાડાથી જ તેમની અંતિમયાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં નાગરિકો કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યાં હતાં અર્જુન મોઢવાડિયાના પિતા દેવાભાઈનું ૯૬ વર્ષની વયે અવસાન થયું છે. અર્જુન મોઢવાડિયાએ આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં પોરબંદરથી ઝંપલાવ્યું હતું. તેમની સામે ભાજપના બાબુ બોખિરિયા ચૂંટણી લડતા હતાં. પરિણામના દિવસે અર્જુન મોઢવાડિયાની જીત થઈ હતી. આ પહેલા અર્જુન મોઢવાડિયા બે વખત પોરબંદરથી ચૂંટણી હારી ચૂક્યા છે. તેમજ તેઓ ૨૦૦૪થી ૨૦૦૭ સુધી ગુજરાત કોંગ્રેસમાં વિરોધ પક્ષના નેતા તરીકે પણ રહી ચૂક્યા છે.

# રાજકોટમાં લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજાર્યું આરોપીના માતા-પિતાએ ઘરે બોલાવી યુવતિને મારમાર્યો

રાજકોટ,તા.૧૨

રાજકોટમાં રહેતી મૂળ કેશોદ પંથકની યુવતિએ રાજકોટ ૧૫૦ ફુટ રીંગ રોડ, ગોવર્ધન ચોકમાં રહેતા યુવક સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે, સાથે યુવકના માતા-પિતાએ પણ યુવતિને ઘરે બોલાવી મારમાર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે. ભોગ બનનાર યુવતિએ ફરિયાદમાં જણાવ્યું છે કે, શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર, ગોવર્ધન ચોક પાસે આવેલી સુખસાગર સોસાયટી શેરી નં.૫માં રહેતા નિરવ પરેશભાઈ ધંધુકીયા સાથે પ્રેમસંબંધ બંધાના બન્ને પ્રથમ ફોન પર વાતચીત કરતા અને પછી રૂબરૂ મળવા લાગ્યા હતા.

યુવતિએ વિશ્વાસ મુકી નિરવને જ પોતાનું સર્વશ્વ માની લેતા આરોપીએ અવારનવાર યુવતિ સાથે શરીર સુખ માણ્યુ હતું. જો કે, એક દિવસ નિરવે યુવતિને કહી દીધું હતું કે, મારા મમ્મી પપ્પા લગ્ન માટે માનતી નથી યુવતી પર આભતુટી પડતા તેણે નિરવેને લગ્ન માટે મનાવવા પ્રયાસ કર્યો હતો. દરમિયાન ગઈકાલે રવિવારે રાત્રે નિરવે યુવતિને પોતાના ઘરે બોલાવી હતી જયાં નિરવના પિતા પરેશભાઈ ધંધુકીયા અને માતા ભારતીબેન હાજર હતા તેણે નિરવ સાથે સંબંધ તોડી નાખવા દબાણ કરી ઢીકા-પાટુનો માર માર્યો હતો અને યુવતીના ગળામાં મોબાઈલના ચાર્જીગ કેબલથી ગળાફાંસો આપવા પ્રયત્ન કર્યો હતો. અને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો કહ્યા હતા. માર મારતા યુવતિને આંખ પાસે અને નાકના ભાગે ફેકચર થયું હતું. મોઢામાં, હોઠપર, દાંતમાં, ઘુંટણમાં અને પગના પોંચામાં ઈજા પહોંચી હતી. તેણી તત્કાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થઈ હતી. અને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. તાલુકા પોલીસની ટીમે આરોપી નિરવ તેના પિતા પરેશભાઈ અને માતા ભારતીબેન સામે આઈપીલી કલમ ૩૭૬ (૨) (એન) ૩૨૩, ૩૨૫, ૧૧૪ અને એટ્રોસિટી એકટની કલબ-૩ (૨) ૫,૩ (૧) ડબલ્યુ, ૩(૧) ચાર મુજબ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરવા તજવીજ કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ કેશોદ પંથકની યુવતિ રાજકોટમાં નર્સિંગનો અભ્યાસ કરવા આવી હતી. અને અહીં રહી તેણે નર્સિંગનો અભ્યાસ કર્યો હતો. અને હાલ બીએસસીનો અભ્યાસ કરી રહી છે. સાથે એક ખાનગી કંપનીમાં નોકરી કરતી હોવાનું પણ જાણવા મળે છે. દીકરી સાથે આ પ્રકારનું કૃત્ય થયાની જાણ થતા તેના પરિવારજનો પણ રાજકોટ દોડી આવ્યા હતાં.

પોલીસ સૂત્રો તરફથી માહિતી મળી છે કે, યુવતિના કોઈ સગા મેટોડા રહેતા હતા. જેથી યુવતિ શનિ-રવિ ત્યાં રોકાવા જતી હતી. દરમિયાન નિરવ ક્ધટ્રક્શનનો ધંધાથી હોય તેની એક બાંધકામ સાઈટ મેટોડામાં યુવતિના સગા જયાં રહેતા તેના ઘરની સામે જ ચાલતી હતી. જેથી યુવતિ સાથે આંખ મળતા પ્રેમજાળમાં ફસાવી અવાર નવાર શરીર સંબંધ બાંધ્યો હતો અને બાદમાં લગ્નની ના પાડી દીધી હતી. ભોગબનનાર યુવતિને માર મરાતા તે હોસ્પિટલના દાખલ છે. ત્યાંથી જ તેણે પોતાની આપવીતી પોલીસને જણાવી હતી.જેમા યુવક અને યુવતિ બંન્ને અલગ-અલગ જ્ઞાતિના છે. યુવકે ભરોસો અપાવ્યો હતો કે તે તેણી સાથે લગ્ન કરશે. પરંતુ જયારે યુવકે તેના માતા-પિતાને વાત કરી ત્યારે માતા-પિતાએ યુવતિની જ્ઞાતિ અલગ હોવાથી લગ્નની ના પાડી દીધી હતી.

# દૂધસાગર ડેરી કૌભાંડ કેસમાં જેલમાં બંધ વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર




અમદાવાદ,તા.૧૨

આખરે વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર કરાઈ છે. કોઈપણ શરત વગર તેમના જામીન મંજૂર કરાયા છે. તેઓ દૂધસાગર ડેરીમાં ગેરરીતિ મામલે જેલમાં બંધ હતા.

રાજ્યના પૂર્વ ગૃહ મંત્રી અને દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સામે ૮૦૦ કરોડના કૌભાંડનો આરોપ છે. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. વિપુલ ચૌધરીની ધરપકડ થતા સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચૌધરી સમાજમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યો હતો.

વિપુલ ચૌધરી સામે દૂધસાગર ડેરીના ચેરમેન રહેવા દરમિયાન નિયમનું ઉલ્લંઘન કરી મિલ્ક કુલરની બલ્કમાં ખરીદી, ડેરીના ચેરમેન તરીકે હટાવાતા કરેલા કોર્ટ કેસનો ખર્ચ ડેરીમાં ઉમેરવો, ટેન્ડર વિના ડેરીના કામ કરવા, ડેરીના હોર્ડિંગ્સ ઊંચો ભાવ આપનારી કંપની પાસેથી મેળવ્યા સહિતના આરોપો હતા. તેમની પર કુલ મળીને ૮૦૦ કરોડનું કૌભાંડ આચરવાનો આરોપ મૂકાયો હતો.

વિપુલ ચૌધરી ઉત્તર ગુજરાતના રાજકારણ અને સહકારી દૂધ મંડળી ક્ષેત્રે જાણીતું નામ છે.

# લોકડાઉન હળવું કર્યા બાદ આ દેશમાં કોરોનાનો કહેર વધ્યોઃ કર્મચારીઓ બીમાર વેપાર-ધંધા બંધ

પેઈચીંગ,તા.૧૨

દુનિયામાંથી કોરોનાએ વિદાઈ લઈ લીધી છે પણ કોરોનાના જનક ચીનમાં કોરોનાએ મોં ફાડ્યું છે.

કોરોના લોકડાઉન સામે ચીનાઓના લોકરોષને પગલે સરકારે લોકડાઉન હળવું કર્યું હતું પરંતુ પાબંદીઓ હળવી કર્યા પછી કોરોનાનો ખોફ વધી ગયો છે અને દર્દીઓની સંખ્યામાં ખતરનાક રીતે વધારો થયો છે. કોરોનાની દવાની અછના કારણે દવાના ભાવમાં અસહ્ય વધારો થયો છે. દવાની દુકાનોમાં લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે.

કોરોનાના કેસમાં ઉછાળો જોઈને શી ઝીનપીંગ સરકારે સ્વાસ્થ્ય સેવાઓ દુરસ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે, જે અંતર્ગત હોસ્પિટલોમાં મોટા પાયે આઈસીયુ ખોલવામાં આવી રહ્યા છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે કોરોના વાયરસના પ્રચારને રોકવા કોઈપણ પ્રયાસ કરીશ. પરંતુ વિરોધ પ્રદર્શનોને જોતા લોકડાઉન અને કવોરંટીન જેવા સખ્ત નિયમો ફરીથી લાગુ કરવા સહેલા નથી.

લોકડાઉનમાં છૂટ બાદ બજારોમાં અચાનક ભીડ વધી ગઈ છે, જેથી હાલત બગડી છે. ગુરુવારે કેબીનેટ મીટીંગમાં સરકારે હોસ્પિટલોમાં પર્યાપ્ત કર્મચારીઓની સાથે સાથે દવાઓની સપ્લાય જાળવી રાખવાના નિર્દેશ આપ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.